# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 15 | Issue : 432 | Dt. 18-09-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# ધો.૬ના છાત્રો પર બોજ ન નાખો

## આગામી વર્ષથી નિયમ લાગુ કરો'; થ્રી-લેંગ્વેજ પોલિસી પર સુપ્રીમ કોર્ટની મહત્ત્વની ટિપ્પણી

નવી દિલ્હી, તા.૧૭

સુપ્રીમ કોર્ટે CBSE સ્કૂલોમાં થ્રી-લેંગ્વેજ પોલિસીના અમલ અંગે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. અદાલતે ધોરણ ૬ના વિદ્યાર્થીઓ પર અચાનક ત્રીજી ભાષાનો બોજ નાખવાને બદલે આગામી વર્ષથી આ નિયમ લાગુ કરવા સૂચવ્યું છે. સુપ્રીમ કોર્ટે ASG ઐશ્વર્યા ભાટીની દલીલ સાંભળી, જેમાં ધોરણ ૭થી ૧૦ના વિદ્યાર્થીઓને અપાયેલી છૂટછાટનો ઉલ્લેખ હતો, અને ધોરણ ૬ના બાળકોને પણ રાહત આપવા જણાવ્યું. આ નીતિથી બાળકો પર વધતા દબાણને ધ્યાને લેવા કમિટી પણ બનાવાઈ છે.




સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) સ્કૂલોમાં થ્રી-લેંગ્વેજ પોલિસી લાગુ કરવાના મામલે સુપ્રીમ કોર્ટમાં મહત્ત્વની સુનાવણી હાથ ધરાઈ હતી. અદાલતે સ્પષ્ટ વલણ અપનાવતા જણાવ્યું કે ધોરણ ૬ના વિદ્યાર્થીઓ પર અચાનક ત્રીજી ભાષાનો બોજ નાખવાને બદલે આ નિયમ આગામી વર્ષથી અમલમાં લાવવો જોઈએ, જેથી બાળકોને માનસિક રીતે તૈયાર થવા માટે પૂરતો સમય મળી શકે.

સુનાવણી દરમિયાન CBSE તરફથી એડિશનલ સોલિસિટર જનરલ (ASG) ઐશ્વર્યા ભાટીએ ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેંચ સમક્ષ રજૂઆત કરી હતી કે, આ નીતિ સાથે જોડાયેલી વ્યવહારુ સમસ્યાઓ ઉકેલવા એક વિશેષ સમિતિ બનાવી દેવામાં આવી છે અને આ મુદ્દે એક વિગતવાર નોટ પણ દાખલ કરવામાં આવી રહી છે. CBSEએ કોર્ટના સૂચનો પર વિચારણા કરવા માટે સમય પણ માંગ્યો હતો.

બીજી તરફ, અરજદારો વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ આનંદ ગ્રોવરે જણાવ્યું હતું કે, અધિકારીઓ ધોરણ ૬ના વિદ્યાર્થીઓને આ નીતિના અમલમાં રાહત આપવા અંગે અસહમતિ દર્શાવી રહ્યા છે.

કેન્દ્ર તરફથી ASGએ દલીલ કરી હતી કે, ધોરણ ૭થી ૧૦ના વિદ્યાર્થીઓને આ નીતિ હેઠળ પહેલાથી જ છૂટછાટ અપાઈ ચૂકી છે, જ્યારે ધોરણ ૬ના બાળકોએ ૪ વર્ષ બાદ બોર્ડ પરીક્ષા આપવાની હોવાથી તેમને અત્યારથી તૈયાર કરવા જરૂરી છે.

આ દલીલ સામે જસ્ટિસ બાગચીએ સવાલ ઉઠાવ્યો હતો કે, આ એક રાષ્ટ્રીય નીતિ હોવાથી તેમાં ચોક્કસ સંસ્થાગત માળખું કામ કરે છે; તેથી જો ધોરણ ૭થી ૧૦ના વિદ્યાર્થીઓને મુક્તિ મળી શકતી હોય, તો પછી ધોરણ ૬ના બાળકોને આ રાહત કેમ ન આપી શકાય? જોકે તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે, જો હાલ ધોરણ ૬માં ભણતા વિદ્યાર્થીઓ પોતાની મરજીથી આ જ વર્ષે ત્રણ ભાષાઓ ભણવા માંગતા હોય, તો તેમને તેની મંજૂરી આપી શકાય છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) હેઠળ સ્કૂલોમાં ઓછામાં ઓછી બે ભારતીય ભાષાઓ સહિત કુલ ત્રણ ભાષાઓ શીખવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. મિડલ સ્કૂલ સ્તરે અચાનક આ નિયમ લાગુ કરી દેવાથી બાળકો પર બિનજરૂરી ભણતરનું દબાણ વધતું હોવાની ચિંતા વાલીઓ વ્યક્ત કરી રહ્યા છે. અગાઉ ૨૭ મેના રોજ સુપ્રીમ કોર્ટે આ નીતિને પડકારતી અરજી પર કેન્દ્ર, CBSE અને NCERTને નોટિસ પાઠવી જવાબ માંગ્યો હતો.

### કઈ ભાષાઓનો સમાવેશ કરવો પડશે?

બોર્ડના પરિપત્ર અનુસાર, ધોરણ ૯ના વિદ્યાર્થીઓ માટે ૧ જુલાઈથી ૩ ભાષાઓ ભણવી ફરજિયાત કરવાનો નિર્ણય લેવાયો છે, જે પૈકી ઓછામાં ઓછી ૨ ભારતીય ભાષાઓ હોવી અનિવાર્ય છે. ભારતીય ભાષાઓની યાદીમાં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, મરાઠી, બંગાળી, પંજાબી, ઓડિયા અને અસમિયા જેવી ભાષાઓ સામેલ છે. બીજી તરફ અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, અરબી અને સ્પેનિશને બિન-ભારતીય ભાષાઓ ગણવામાં આવી છે. ધોરણ ૬ માટે બે ભારતીય ભાષાઓ ફરજિયાત રાખવામાં આવી છે, જ્યારે ધોરણ ૭, ૮ અને ૯ના એવા વિદ્યાર્થીઓને થોડી છૂટછાટ અપાઈ છે જેઓ અગાઉ બે બિન-ભારતીય ભાષાઓનો અભ્યાસ કરી રહ્યા હતા. સુપ્રીમ કોર્ટ હવે કમિટીના રિપોર્ટ અને વિગતવાર નોટના અભ્યાસ બાદ આગળનો નિર્ણય કરશે.

### ભારતીય પ્રોફેસનલ્સ માટે માઠા સમાચાર આઈટી વર્કર્સ અને વિદ્યાર્થીઓનું ટેન્શન વધ્યું

# ગ્રીન કાર્ડના નિયમો કડક બનાવવાની અમેરિકાની તૈયારી

નવી દિલ્હી, તા.૧૭

અમેરિકામાં કાયમી વસવાટનું સ્વપન જોઈ રહેલા લાખો ભારતીય પ્રોફેસનલ્સ અને વિદ્યાર્થીઓ માટે વ્હાઈટ હાઉસમાંથી ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા રોજગાર આધારિત ઈમિગ્રેશન ક્ષેત્રે મોટા ફેરફારો કરવાની દિશામાં ઝડપથી કામગીરી શરૂ કરવામાં આવી છે. આ કવાયતના ભાગરૂપે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ લેબર દ્વારા એક નવો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે, જે ગ્રીન કાર્ડ મેળવવાની સમગ્ર પ્રક્રિયાને અત્યંત જટિલ અને મુશ્કેલ બનાવી શકે છે. આ નવા પ્રસ્તાવને કારણે અમેરિકામાં એચ-૧બી વિઝા પર કામ કરી રહેલા ભારતીય આઈટી વર્કર્સ તેમજ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ત્યાં જ નોકરી મેળવીને સ્થાયી થવાની ગણતરી રાખતા ભારતીય વિદ્યાર્થીઓની ચિંતામાં મોટો વધારો થયો છે.



યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ લેબર દ્વારા આગળ વધારાયેલા આ પ્રસ્તાવ અંતર્ગત અમેરિકી કંપનીઓ પોતાના વિદેશી કર્મચારીઓને ગ્રીન કાર્ડ સ્પોન્સર કરવા માટે જે પ્રક્રિયાનો ઉપયોગ કરે છે, તે 'પર્મેનન્ટ લેબર સર્ટિફિકેશન' એટલે કે પર્મ (PERM) પ્રોગ્રામની વ્યાપક સમીક્ષા કરવામાં આવી રહી છે. વર્તમાન નીતિ મુજબ કોઈપણ વિદેશી નાગરિકને ગ્રીન કાર્ડ આપતા પહેલા અમેરિકી કંપનીએ સાબિત કરવું પડે છે કે તે ચોક્કસ પદ માટે કોઈ લાયક અમેરિકી નાગરિક ઉપલબ્ધ નથી, પરંતુ હવે આ પ્રક્રિયાના નિયમો વધુ આકરા અને સમય માંગી લે તેવા બનાવવાની હિલચાલ ચાલી રહી છે. આ પ્રસ્તાવને ૧૪ સપ્ટેમ્બરે વ્હાઈટ હાઉસની ઓફિસ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ રેગ્યુલેટરી અફેર્સ (OIRA) પાસે અંતિમ સમીક્ષા માટે મોકલી દેવામાં આવ્યો છે. એકવાર રેગ્યુલેટરી રિવ્યુ પૂર્ણ થયા બાદ આ નવા નિયમોનો સત્તાવાર ડ્રાફ્ટ જાહેર કરીને આગળની કાનૂની અમલવારી શરૂ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના બીજા કાર્યકાળમાં 'અમેરિકન ફર્સ્ટ'ની નીતિ હેઠળ રોજગાર આધારિત ઈમિગ્રેશન સિસ્ટમમાં સતત કડક સુધારાઓ કરી રહ્યા છે. અમેરિકામાં ગ્રીન કાર્ડ માટેના બેકલોગમાં પહેલેથી જ ભારતીયો સૌથી વધુ પ્રભાવિત છે અને ઘણી કેટેગરીમાં ગ્રીન કાર્ડ મેળવવા માટે દાયકાઓની રાહ જોવી પડે છે. તેવામાં જો PERM પ્રોસેસમાં નવા નાણાકીય કે વહીવટી નિયંત્રણો ઉમેરવામાં આવશે, તો અમેરિકી કંપનીઓ માટે વિદેશી આઈટી નિષ્ણાતોને ગ્રીન કાર્ડ સ્પોન્સર કરવાનું વધુ ખર્ચાળ અને ઝંઝટભર્યું બની જશે. પરિણામે, ભારતીય આઈટી ટેકનોક્રેટ્સ અને ઉચ્ચ શિક્ષણ મેળવતા યુવાનો માટે અમેરિકામાં સ્થાયી થવાનો માર્ગ વધુ કપરો બને તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

### રશિયા પાસેથી ક્રૂડ તેલ ખરીદનાર દેશો પર આકરા ટેરિફ લાદવા ટ્રમ્પ સક્ષમ

# અમેરિકી સંસદમાં 'લિન્ડસે ગ્રેહામ બિલ' મંજૂરઃ રશિયા પર નવા અંકુશ

## ભારત-ચીન સામે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના હાથમાં આવ્યું નવું 'ટેરિફ હથિયાર' : ૧૦૦% ટેરિફની સત્તા

નવી દિલ્હી, તા.૧૭

રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે અમેરિકી સંસદે એક મોટો અને નિર્ણાયક પ્રસ્તાવ પસાર કર્યો છે. રશિયા પર આર્થિક શિકંજો કસવા માટે રજૂ કરાયેલું 'લિન્ડસે ગ્રેહામ બિલ' અમેરિકી પ્રતિનિધિ સભા (હૌસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ)માં ૨૬૨ વિ. ૧૫૯ મતોથી મંજૂર થઈ ગયું છે. બે દિવસ પહેલાં સેનેટની મંજૂરી બાદ હવે આ બિલ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સહી માટે જશે. આ બિલ કાયદો બનતાં જ ટ્રમ્પને રશિયા પાસેથી ક્રૂડ તેલ ખરીદતા દેશો પર ૧૦૦% સુધીનો ટેરિફ લાદવાની અભૂતપૂર્વ સત્તા મળશે.



આ બિલ હેઠળ માત્ર રશિયન તેલ આયાતકારો જ નહીં, પરંતુ રશિયાના ડિપ્લોમેટ્સ, અબજોપતિઓ, નાણાકીય સંસ્થાઓ અને ઓઈલ ટેન્કર કંપનીઓ પર પણ કડક પ્રતિબંધો લાગુ થશે. રશિયા અન્ય દેશોના ફ્લેગ હેઠળ ચલાવાતી 'શેડો ફ્લીટ' (ગુપ્ત ઓઈલ ટેન્કરો) દ્વારા જે પરિવહન કરે છે તેને રોકવાની સત્તા પણ પ્રમુખને મળશે.

ભારત હાલમાં પોતાની જરૂરિયાતનું ૪૬% ક્રૂડ તેલ રશિયા પાસેથી આયાત કરે છે, જ્યારે ચીન પણ મોટો ખરીદદાર છે. અમેરિકાએ એલએનજી (LNG) ક્ષેત્રે ભારતને ૬૦% નિકાસ દ્વારા મજબૂત પકડ બનાવી છે, પરંતુ હવે રશિયન તેલના બદલે વેનેઝુએલા જેવા દેશો પાસેથી તેલ ખરીદવા ભારત પર દબાણ લાવવામાં આવી શકે છે. રાજદ્વારી નિષ્ણાતોના મતે, ટ્રમ્પ આ સત્તાનો ઉપયોગ ભારત સાથે પોતાની સાનુકૂળ શરતોએ વેપાર કરાર (Trade Deal) કરાવવા માટે એક હથિયાર તરીકે કરશે.

બિલ મંજૂર થતાં જ વોશિંગ્ટનમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. ડેમોક્રેટિક સાંસદ રિચાર્ડ બ્લુમેન્થલે ભારત અને ચીનને સીધી ચેતવણી આપતાં જણાવ્યું છે કે, ''હવે ભારત અને ચીને પોતાનું વલણ બદલવું પડશે અને રશિયા સિવાયના અન્ય દેશો પાસેથી તેલ ખરીદવું પડશે.''

સાંસદે રશિયન પ્રમુખ પુતિનને સંબોધીને ઉમેર્યું હતું કે રશિયાનું અર્થતંત્ર ડગમગી રહ્યું છે અને તેમનો તેલનો કારોબાર હવે ખતરામાં છે. અમેરિકી સાંસદોના આ કડક વલણથી આગામી દિવસોમાં વૈશ્વિક તેલ બજાર અને ભારત-અમેરિકા સંબંધોમાં મોટો વળાંક જોવા મળી શકે છે.

# આતંકવાદ સામે સુરક્ષા દળોનો પ્રહાર

## જમ્મુ-કાશ્મીરમાં મધ્યરાત્રિના એન્કાઉન્ટરમાં જૈશ-એ-મોહમ્મદના બે આતંકીઓ ઠારઃ હથિયારોનો જથ્થો જપ્ત

નવી દિલ્હી, તા.૧૭

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદના સંપૂર્ણ ખાતમા માટે ચાલી રહેલા 'ઓપરેશન ઓલ આઉટ' હેઠળ સુરક્ષા દળોને વધુ એક મોટી સફળતા મળી છે. ગઈકાલે મોડી રાત્રે સોહન વિસ્તારમાં હાથ ધરાયેલા એક ભીષણ એન્કાઉન્ટરમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના બે સક્રિય આતંકીઓને સુરક્ષા દળોએ ઘેરીને ઠાર કર્યા છે. ગુપ્તચર એજન્સીઓ તરફથી સોહન વિસ્તારમાં જૈશના આતંકવાદીઓ છૂપાયા હોવાની ચોક્કસ માહિતી મળી હતી. આ ઇનપુટના આધારે ભારતીય સેનાની રાષ્ટ્રીય રાઇફલ્સ, પેરા સ્પેશિયલ ફોર્સિસ અને જમ્મુ-કાશ્મીર પોલીસની ગરૂડ ટુકડીએ સંયુક્તપણે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. સુરક્ષા દળોએ શરૂઆતમાં આતંકીઓને આત્મસમર્પણ કરવાની તક આપી હતી, પરંતુ ઘેરાઈ ગયેલા આતંકીઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. વળતા પ્રહારમાં દળોએ વ્યુહાત્મક કૌશલ્ય દાખવી બંને આતંકીઓને



સ્થળ પર જ ઢાળી દીધા હતા અને તેમની પાસેથી અદ્યતન હથિયારો તથા દારૂગોળો જપ્ત કર્યો હતો.

આજના એન્કાઉન્ટરમાં જૈશના આતંકીઓનું માર્યા જવું એ પાકિસ્તાની આકાઓ માટે મોટો ફટકો માનવામાં આવે છે, કારણ કે મૌલાના મસૂદ અઝહર દ્વારા સંચાલિત જૈશ-એ-મોહમ્મદ એ જ સંગઠન છે જેણે ભારતમાં દાયકાઓથી મોટા આત્મઘાતી હુમલાઓ કર્યા છે. ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ ભારતીય સંસદ પર થયેલો હુમલો હોય કે પછી ૨૦૧૬માં ઉરીના સૈન્ય કેમ્પ પર થયેલો હુમલો, જેમાં ૧૯ જવાનો શહીદ થતાં ભારતે ઐતિહાસિક 'સર્જિકલ સ્ટ્રાઈક' કરી હતી, આ તમામ કાવતરાં પાછળ જૈશનો હાથ હતો. ૨૦૧૯માં પુલવામા ખાતે CRPFના કાફલા પર થયેલા દર્દનાક હુમલા બાદ ભારતીય વાયુસેનાએ બાલાકોટમાં એરસ્ટ્રાઈક કરીને જૈશના મુખ્ય ટ્રેનિંગ કેમ્પ ધ્વસ્ત કરી નાખ્યા હતા.

ઓગસ્ટ ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ જમ્મુ-કાશ્મીરમાં સ્થાનિક સ્તરે આતંકવાદને મળતું સમર્થન અને પથ્થરમારો લગભગ નાબૂદ થઈ ચૂક્યા છે. સ્થાનિક નેટવર્ક ભાંગી પડતાં અકળાયેલું પાકિસ્તાન હવે સરહદ પારથી સીધા આતંકીઓ ઘૂસાડીને ઘાટીની શાંતિ ડહોળવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યું છે. જોકે, સીમા પર ટેકનોલોજી અને સુરક્ષા દળોની મજબૂત સતર્કતાને કારણે જૈશ અને લશ્કર જેવા આતંકવાદી સંગઠનો હવે ઘાટીમાં પોતાના આખરી શ્વાસ ગણી રહ્યા છે.

### કેન્દ્ર સરકાર દ્વારા UPIના મોટા વ્યવહારો પર ચાર્જ લગાવવાના નિર્ણય અંગે દેશભરમાં ચર્ચા

# ચાલીસ પૈસામાં કોઈ મરી નથી જવાનું : લાહિરી

## સરકાર બધુ મફતમાં ના આપી શકે : યુપીઆઇ ચાર્જ મુદ્દે નીતિ આયોગના વાઇસ ચેરમેનનું વ્યક્તિગત મંતવ્ય






નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકાર દ્વારા ઞઙઈના મોટા વ્યવહારો પર ચાર્જ લગાવવાના નિર્ણય અંગે દેશભરમાં ચર્ચા ચાલી રહી છે. નીતિ આયોગના વાઈસ ચેરમેન અશોક લાહિરીએ આ નિર્ણયનું સમર્થન કરતા જણાવ્યું કે સરકાર ટેક્સ વસૂલ્યા વિના ચાલી શકે નહીં. ૧૫ ઓક્ટોબરથી ૨,૦૦૦થી વધુના ઞઙઈ પેમેન્ટ પર ૦.૪% શુલ્ક લાગુ પડશે, જે વેપારીઓએ ચૂકવવાનો રહેશે. આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી પણ દાખલ થઈ છે.

કેન્દ્ર સરકાર દ્વારા UPIના મોટા વ્યવહારો પર ચાર્જ લગાવવાના નિર્ણયને લઈને દેશભરમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. જ્યાં કેટલાક વિશેષજ્ઞો તેને સરાહનીય પગલું માની રહ્યા છે, ત્યાં કેટલાક લોકો સામાન્ય જનતા પર નાણાકીય બોજ વધવાને કારણે તેની ટીકા કરી રહ્યા છે. આ બધાની વચ્ચે નીતિ આયોગના વાઈસ ચેરમેન અશોક કુમાર લાહિરીનું એક મોટું નિવેદન સામે આવ્યું છે, જેમાં તેમણે આ નિર્ણયનું સમર્થન કરતા કહ્યું છે કે સરકાર ટેક્સ વસૂલ્યા વિના ચલાવી શકાતી નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર માત્ર સામાન્ય ચાર્જ વસૂલી રહી છે અને તેને ચૂકવવામાં લોકોને કોઈ મુશ્કેલી ન હોવી જોઈએ.

અશોક લાહિરીએ સ્પષ્ટ કર્યું છે કે આ તેમનું વ્યક્તિગત મંતવ્ય છે અને તે નીતિ આયોગનું અધિકારીક વલણ નથી. તેમણે કહ્યું કે, 'સરકાર દરેક લેણ-દેણ પર અનિશ્ચિત સમય માટે સબસીડી આપી શકે નહીં.' પોતાની વાત સમજાવવા માટે તેમણે ચાણક્ય નીતિનું ઉદાહરણ આપતા કહ્યું કે, 'એક રાજાએ પોતાની પ્રજા પાસેથી ટેક્સ એ જ રીતે વસૂલવો જોઈએ જે રીતે ભમરો ફૂલને કોઈ નુકસાન પહોંચાડ્યા વગર ધીમે-ધીમે મધ એકઠું કરે છે.'

તેમણે ૧૦૦ રૂપિયાના વ્યવહાર પર લાગનારા ૪૦ પૈસા જેવા સામાન્ય ચાર્જની સરખામણી ચેકબુક જેવી અન્ય બેંકિંગ સેવાઓ સાથે કરતા કહ્યું કે, આનાથી કોઈ મરી જવાનું નથી, પરંતુ વ્યવસ્થા ચલાવવા માટે આ ખર્ચ આપવાની આદત કેળવવી પડશે.

સરકાર આગામી ૧૫ ઓક્ટોબરથી વેપારીઓને કરવામાં આવતા ૨,૦૦૦ રૂપિયાથી વધુના UPI પેમેન્ટ પર ૦.૪ ટકા શુલ્ક (MDR) લાગુ કરવા જઈ રહી છે. જો કે, ૨૦૦૦ રૂપિયા સુધીના ઞઙઈ લેણ-દેણ પર કોઈ ચાર્જ લાગશે નહીં અને આ શુલ્ક ગ્રાહકોને બદલે વેપારીઓએ ચૂકવવાનો રહેશે.

### સુપ્રીમ કોર્ટમાં દાખલ થઈ અરજી

સરકારના આ નિર્ણય સામે હવે સુપ્રીમ કોર્ટમાં જનહિત અરજી દાખલ કરવામાં આવી છે. વકીલ અંજન દત્તા દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં ૧૪ સપ્ટેમ્બરની નોટિફિકેશન અને ખઉછ વ્યવસ્થાને પડકારવામાં આવી છે. અરજીમાં દલીલ કરવામાં આવી છે કે આ વ્યવસ્થા મનસ્વી અને ભેદભાવપૂર્ણ છે, જેનાથી ઓછા માર્જિન પર કામ કરતા વેપારીઓ અને ગ્રાહકો પર મુશ્કેલીઓ વધી શકે છે તથા ડિજિટલ પેમેન્ટ પર પણ વિપરીત અસર પડી શકે છે.

### આગેવાનોના પેટ છે કે પટારો, જેમાં અઢી હજાર કિલો પેટીસ પચી ગઈ?

# મનપામાં હવે ૧૫ લાખની 'પેટીસ'નું મહાકૌભાંડ!

## ધર્મના નામે પ્રજાના ટેક્સના લાખો રૂપિયાનો ધુમાડો; ભાજપના શાસનમાં ટેન્ડર, પાણી અને ખાણીપીણીના કૌભાંડોથી મેયર પણ બન્યા લાચાર; પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ડો. હેમાંગ વસાવડાનો સનસનીખેજ આક્ષેપ

રાજકોટ, તા.૧૭

રાજકોટ મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચારની ભૂખને હવે કોઈ સીમાડા નડતા નથી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડો. હેમાંગ વસાવડાએ ભાજપ શાસિત રાજકોટ મહાનગરપાલિકાના વહીવટ પર આકરા પ્રહારો કરતા 'મટકીમાં કટકી'નો એક અત્યંત હાસ્યાસ્પદ પરંતુ પ્રજાના ખિસ્સા ખંખેરતો સનસનીખેજ મામલો ઉજાગર કર્યો છે. અગાઉના અનેક મસમોટા કૌભાંડોની વણથંભી વણઝારમાં હવે 'પેટીસ કૌભાંડ' ઉમેરાયું છે, જેણે રાજકોટના રાજકારણમાં ભારે કડાકા-ભડાકા સર્જ્યા છે.

કોંગ્રેસના ડો. હેમાંગ વસાવડાના આક્ષેપ મુજબ, તાજેતરમાં યોજાયેલા મટકી ફોડ કાર્યક્રમમાં અગાઉ ૧૭ લાખનો ખર્ચ મંજૂર થયો હતો, જે રાતોરાત વધીને ૩૨ લાખ સુધી પહોંચી ગયો. કોર્પોરેશનના સત્તાધીશોએ આ ૧૫ લાખના વધારાના ખર્ચ પાછળ બેશરમીથી એવો ખુલાસો કર્યો છે કે, ''પેટીસ ખવરાવતા મટકી ફોડ કાર્યક્રમનું બીલ વધી ગયું'' !. આનો સીધો અર્થ એ થાય છે કે શાસકો અને આગેવાનો ૧૫ લાખ રૂપિયાની પેટીસ ઝાપટી ગયા છે! જો બજાર ભાવ ગણીએ તો ૧૫ લાખ રૂપિયામાં આશરે અઢી હજાર કિલો પેટીસ થાય. રાજકોટની જનતા હવે સવાલ પૂછી રહી છે કે, શાશક પક્ષના આગેવાનોના પેટ છે કે પટારો, જેમાં અઢી હજાર કિલો પેટીસ પચી ગઈ?

રાજકોટ મનપાનો ભ્રષ્ટાચારનો ઈતિહાસ ખાસ્સો લાંબો અને લચકદાર છે. પ્રજા ભૂલી નથી કે ભૂતકાળમાં શાસકોએ જનતાના ટેક્સના રૂપિયામાંથી લાખો રૂપિયાની 'કાજુ કતરી'ની મિજબાનીઓ





માણી હતી. કાજુ કતરીના મીઠા સ્વાદ બાદ હવે સત્તાધીશોને પેટીસનો ચટપટો સ્વાદ દાઢે વળગ્યો છે. માત્ર ખાણીપીણી જ નહીં, છબઈ માં 'ટેન્ડર રાજ' અને 'પાણી કૌભાંડ' પણ જગજાહેર છે. એક તરફ રાજકોટની સામાન્ય જનતા ભરઉનાળે પીવાના પાણી માટે વલખાં મારતી હોય, પાણી કાપ સહન કરતી હોય, અને બીજી તરફ માનીતા કોન્ટ્રાક્ટરોને ટેન્ડરો પધરાવી દઈને 'પાણીમાં પણ કટકી' કરવાની સિસ્ટમ ગોઠવાઈ ગઈ છે. રસ્તા, ગટર, સફાઈ કે પાણીના કોઈ પણ ટેન્ડર હોય, તેમાં એસ્ટીમેટ ઊંચા બતાવીને મલાઈ તારવી લેવાનો ખેલ હવે કોર્પોરેશનમાં સામાન્ય બાબત બની ગઈ છે.

ડો. હેમાંગ વસાવડાએ મેયર નેહલભાઈ શુક્લને કટાક્ષમાં એક અણિયાળી સલાહ આપતા જણાવ્યું છે કે, ''હવે કોર્પોરેશનમાં જ કાજુ કતરી અને પેટીસ બનાવવાનો નવો વિભાગ ચાલુ કરી દેવો જોઈએ. જેથી કરીને રાજકોટની ટેક્સ પેયર જનતાને પણ લાખો રૂપિયાની કાજુ કતરી અને પેટીસનો સ્વાદ માણવાનો અવસર મળે અને લોકમુખે થતી ચર્ચાનો અંત આવે.''

જ્યારે શહેરમાં નવા મેયર તરીકે નેહલભાઈ શુક્લ આવ્યા અને વિવિધ કૌભાંડોની તપાસ માટે જીંઝ ની રચના થઈ, ત્યારે પ્રજામાં એક આશા જન્મી હતી કે ભાજપના શાસનમાં ચાલી રહેલા અબજો રૂપિયાના ભ્રષ્ટાચારનો હવે અંત આવશે. પરંતુ કમનસીબે, હજુ સુધી જીંઝ નો કોઈ રિપોર્ટ બહાર આવ્યો નથી કે ધર્મ અને વિકાસના નામે પ્રજાને લૂંટવાનું બંધ થયું નથી. સ્થિતિ જોતા શહેરની પ્રજાને હવે લાગી રહ્યું છે કે ''ગાજ્યા મેઘ વરસ્યા નહીં''. સિસ્ટમને સુધારવાના દાવાઓ પોકળ સાબિત થયા છે અને ભાજપ પક્ષની ભ્રષ્ટ અને મજબૂત સિસ્ટમ સામે ખુદ મેયર પણ બિચારા અને લાચાર બની ગયા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. જનતાના પરસેવાની કમાણી ક્યારેક કાજુ કતરી, ક્યારેક પાણીના ટેન્ડર તો ક્યારેક પેટીસના નામે ઓહિયા થઈ રહી છે.

# શૌતનના ચક્કરમાં હેડ કોન્સ્ટેબલે પત્નીને ઘરમાંથી કાઢી મૂકી

## મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં પત્નીનો આક્ષેપ: સાસુ-સસરા અને નણંદની ચઢામણીથી પતિ કરતો મારકૂટ; સ્ત્રીધન અને કરિયાવર પણ પચાવી પાડ્યો



રાજકોટ, તા.૧૭

રાજકોટ શહેરમાં એક પોલીસ કર્મચારી દ્વારા જ પોતાની પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાજકોટ મહિલા પોલીસ મથકમાં ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નોંધાયેલી ફરિયાદ મુજબ, એક પોલીસ હેડ કોન્સ્ટેબલ પતિએ અન્ય સ્ત્રી સાથેના આડા સંબંધોના કારણે પોતાની પત્નીને ઘરમાંથી કાઢી મૂકી છે. આ મામલે પત્નીએ પોતાના પતિ અને અન્ય પાંચ સાસરિયાઓ સહિત કુલ છ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ રાજકોટના માધાપર વિસ્તારમાં પિયર ધરાવતા અને હાલ ત્યાં જ રહેતા ૩૨ વર્ષીય અંજુબેન સંજયભાઈ બારોટે આ ફરિયાદ નોંધાવી છે. તેમણે પોતાના પતિ અને હેડ કોન્સ્ટેબલ સંજય ધનાભાઈ બારોટ (ઉ.વ. ૩૬), સસરા ધનાભાઈ અણદાભાઈ બારોટ (ઉ.વ. ૭૦), સાસુ વિજયાબેન, જેઠ ભાવેશભાઈ, જેઠાણી ઉર્મિલાબેન અને નણંદ તરુણાબેન સામે ગુનો દાખલ કરાવ્યો છે.

અંજુબેને પોલીસ ફરિયાદમાં આક્ષેપો કરતા જણાવ્યું છે કે, તેમના પતિ સંજયને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધો છે. આ બાબતે જ્યારે પત્નીએ વિરોધ કર્યો, ત્યારે પતિએ તેમની સાથે અવારનવાર ઝઘડા કરી મારકૂટ કરવાનું શરૂ કર્યું હતું. આ પારિવારિક ક્લેશમાં નણંદ અને સાસુ-સસરા પણ પતિની ચઢામણી કરતા હતા અને શારીરિક-માનસિક ત્રાસ આપવામાં સાથ આપતા હતા.

ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ, ત્રાસ એટલી હદે વધી ગયો હતો કે સાસરિયાઓએ ભેગા મળીને અંજુબેનને ઘરમાંથી કાઢી મૂક્યા હતા. એટલું જ નહીં, સાસરિયાઓએ તેમનો તમામ કરિયાવર અને સ્ત્રીધન (દાગીના વગેરે) પણ પચાવી પાડ્યું છે અને પરત આપવાનો ઇનકાર કર્યો છે. સમગ્ર મામલે રાજકોટ મહિલા પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્પાની આડમાં ચાલતા ગોરખધંધા કેમેય કરીને બંધ થતા જ નથી, બોલો લ્યો!

# 'રોઝ સ્પા વેલનેસ'માંથી કૂટણખાનું ઝડપાયું

## રૈયા રોડ પર આવેલા બાપાસીતારામ ચોક નજીક શ્રી રામ કોમ્પ્લેક્ષના ત્રીજા માળે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા ડમી ગ્રાહક મોકલી દેહવ્યાપારના રેકેટનો પર્દાફાશ ; રિસેપ્શનિસ્ટ યુવતીની ધરપકડ, સ્પા સંચાલક ફરાર, ૪ યુવતીઓ મળી

રાજકોટ, તા.૧૭

રાજકોટ શહેરમાં સ્પાના નામે ગેરકાયદેસર દેહવ્યાપારનો વધુ એક મોટો પર્દાફાશ થયો છે. રાજકોટ શહેરની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે રૈયા રોડ પર આવેલા બાપાસીતારામ ચોક નજીક શ્રી રામ કોમ્પ્લેક્ષના ત્રીજા માળે 'રોઝ સ્પા એન્ડ વેલનેસ'માં દરોડો પાડીને કૂટણખાનાનો પર્દાફાશ કર્યો છે. આ સમગ્ર મામલે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના એ.એસ.આઈ. અજયકુમાર શુક્લાએ ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે.

પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે, પોલીસે એક ડમી ગ્રાહક તૈયાર કરીને આ સ્પામાં મોકલ્યો હતો. ડમી ગ્રાહકે અંદર જઈને પોલીસને મેસેજ દ્વારા ઈશારો આપતા જ પોલીસની ટીમ ત્રાટકી હતી. દરોડા દરમિયાન સ્પાના કાઉન્ટર પરથી રિસેપ્શનિસ્ટ અને ટેલી કોલર તરીકે કામ કરતી ૨૩ વર્ષીય ઉર્વીશા સાગઠીયા મળી આવી હતી, જેની પોલીસે સઘન પૂછપરછ કરી ધરપકડ કરી છે. સ્પામાં



આવેલી રૂમો ચેક કરતા એક રૂમમાંથી ડમી ગ્રાહક અને એક મહિલા કઢંગી હાલતમાં મળી આવ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ સ્પામાં એન્ટ્રી અને મસાજના નામે કાઉન્ટર પર ગ્રાહકો પાસેથી ૧૦૦૦ રૂપિયા અને શારીરિક સંબંધ બાંધવા માટે અલગથી ૨૦૦૦ રૂપિયા લેવામાં આવતા હતા. આ ૨૦૦૦ રૂપિયામાંથી ૧૦૦૦ રૂપિયા યુવતીને અપાતા અને ૧૦૦૦ રૂપિયા સ્પાનો સંચાલક કમિશન તરીકે પોતાના ખિસ્સામાં નાખતો હતો.

સ્પાની અંદર તપાસ કરતા હરિયાણા, ત્રિપુરા, અમદાવાદ અને સુરતની એમ કુલ ચાર અન્ય યુવતીઓ પણ મળી આવી હતી. રિસેપ્શનિસ્ટ ઉર્વીશાની પૂછપરછમાં સ્પાના મુખ્ય સંચાલક અને માલિક તરીકે કનુ ખોડા બાખલકીયા (રહે. સાધુ વાસવાણી રોડ, રાજકોટ અને મૂળ બોટાદ) નું નામ સામે આવ્યું હતું. દરોડા દરમિયાન સંચાલક કનુ હાજર મળી ન આવતા પોલીસે તેને ફરાર જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

પોલીસે ઘટના સ્થળેથી ગ્રાહકે આપેલા અને સ્પાના કાઉન્ટર પરથી એમ મળીને રૂપિયા ૩૫૦૦, આશરે ૧૦૦૦૦ રૂપિયાની કિંમતના બે મોબાઈલ ફોન અને સ્પાના ભાડાકરાર અને રજીસ્ટ્રેશનના દસ્તાવેજો મળી ૧૩,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ઉપરાંત રૂમમાંથી મળી આવેલા વપરાયેલા કોન્ડોમનો નાશ કરી તેનું રેપર પોલીસે પુરાવા તરીકે કબજે કર્યું છે. હાલ પોલીસે રિસેપ્શનિસ્ટ ઉર્વીશા અને ફરાર સ્પા સંચાલક કનુ વિરુદ્ધ ઈમોરલ ટ્રાફિક (પ્રિવેન્શન) એક્ટ ની કલમ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ન્યારી ડેમ રોડ પર ફ્લેટમાં ડીસીબીનો દરોડો

# ફ્લેટમાંથી દારૂના ૩૮૪ ચપલા સાથે એક પકડાયો: બીજાનું નામ ખુલ્યું

રાજકોટ, તા. ૧૭

દારૂના વધુ એક દરોડામાં ડીસીબીની ટીમે જથ્થા સાથે એક શખ્સને ફ્લેટમાંથી પકડ્યો હતો. પુછતાછમાં બીજા એકનું નામ ખુલ્યું હતું. શહેરના કાલાવડ રોડ અવધના ઢાળ પાસે ન્યારી ડેમ રોડ પર આરકે ઓર્કેડના ગેઇટની સામે સફર ડ્રીમ એપાર્ટમેન્ટમાં રહેતો મુળ સાયલાના નવાગામનો શખ્સ દારૂનો જથ્થો પોતાના ફ્લેટમાં રાખતો હોવાની બાતમી પરથી ડીસીબીની ટીમે દરોડો પાડી તેને રૂા. ૬૦૪૮૦ના વ્હીસ્કીના ૩૮૪ ચપલા સાથે પકડી લીધો હતો. ટીમ દારૂ જૂગારના




કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. કરણભાઇ કોઠીવાળ, કોન્સ. અરવિંદભાઇ ફતેપરાને બાતમી મળી હતી.

સફર ડ્રીમ એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૪૦૩માં દરોડો પાડી તપાસ કરતાં અંદરથી ઓલ સીઝન અને પાર્ટી સ્પેશીયલ બ્રાન્ડની વ્હીસ્કીના ચપલા રૂા. ૬૦૪૮૦ના મળી આવતાં કબ્જે કરી અહિ રહેતાં મુળ સાયલાના કોટડા-નવાગામના વતની રાહુલ દેવાભાઇ વાળાને પકડી લીધો હતો. તે ઓફિસ બોય તરીકે કામ કરે છે. તેના કહેવા મુજબ આ દારૂ ભગીરથ વલકુભાઇ ગીડાએ આપ્યો હોઇ પોલીસે તેની શોધખોળ હાથ ધરી હતી. ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવની રાહબરીમાં પીએસઆઇ ડી. પી. ઝાલા, એએસઆઇ યશવંતભાઇ ભગત, હેડકોન્સ. અમિતભાઇ ટુંડીયા, રાજદીપભાઇ પટગીર, સંજયભાઇ અલગોતર, કરણભાઇ કોઠીવાળ, કોન્સ. કિશનભાઇ પાંભર, મહાવીરસિંહ જાડેજા, અરવિંદભાઇ ફતેપરા, પોપટભાઇ ગમારાએ આ કામગીરી કરી હતી.

### બેડી પોર્ટથી આયાતી કોલસાનું પ્રથમ લોડિંગ

# રેલવેને ૪૦ લાખની માલભાડા આવક

## વર્તમાન માલવાહક ટ્રાફિક માટે નવા ગંતવ્યો વિકસાવવા અને રેલ માલ પરિવહનના વ્યાપને વિસ્તારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું

રાજકોટ, તા.૧૭

રાજકોટ ડિવિઝને માલવાહક પરિવહનના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં બેડી પોર્ટથી આયાતી કોલસાનું ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ સાઇડિંગ, ગાંધીનગરના નવા ગંતવ્ય સ્થાન માટે પ્રથમ લોડિંગ કર્યું છે. આ સિદ્ધિ વર્તમાન માલવાહક ટ્રાફિક માટે નવા ગંતવ્યો વિકસાવવા અને રેલ માલ પરિવહનના વ્યાપને વિસ્તારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

રાજકોટ ડિવિઝનના બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટના સતત પ્રયાસોના પરિણામે ૧૭ સપ્ટેમ્બરના રોજ બેડી પોર્ટથી ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ સાઇડિંગ, ગાંધીનગર માટે આયાતી કોલસાનું લોડિંગ કરવામાં આવ્યું હતું. આ કન્સાઇનમેન્ટમાં ૫૯ બોક્સ વેગનમાં આયાતી કોલસો લોડ કરવામાં આવ્યો હતો. આ ખેપ આશરે ૩૫૫ કિલોમીટરનું અંતર કાપશે અને તેનાથી રેલવેને આશરે ૪૦ લાખની માલભાડા આવક પ્રાપ્ત થઈ છે.

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાએ રાજકોટ મિરરને જણાવ્યું હતું કે, બેડી પોર્ટથી ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ સાઇડિંગ, ગાંધીનગર સુધી આયાતી કોલસાનું નવા ગંતવ્ય માટેનું પ્રથમ લોડિંગ રાજકોટ ડિવિઝન માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. ડિવિઝન દ્વારા વર્તમાન



માલવાહક ટ્રાફિક માટે નવા ગંતવ્યોની ઓળખ કરવા અને વધુને વધુ માલને રેલ પરિવહન તરફ આકર્ષિત કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આવા પ્રયાસોથી રેલવેની માલભાડાની આવકમાં વધારો થવાની સાથે-સાથે ઉદ્યોગોને સલામત, વિશ્વસનીય અને પર્યાવરણને અનુકૂળ પરિવહન સુવિધા પૂરી પાડવામાં મદદ મળશે તેવું મનાય છે.

નવા ઓરિજિન-ડેસ્ટિનેશન પેર વિકસાવવાથી રેલ માલ પરિવહન નેટવર્કનો વિસ્તાર થશે અને વિવિધ ઉદ્યોગો સુધી મોટા જથ્થામાં માલનો સરળ અને કાર્યક્ષમ પુરવઠો પહોંચાડવાને પ્રોત્સાહન મળશે. બેડી પોર્ટથી ગાંધીનગર સુધી આયાતી કોલસા માટે આ નવા ગંતવ્યનો વિકાસ એ રાજકોટ ડિવિઝનના બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટના સતત પ્રયાસોનું મહત્વપૂર્ણ પરિણામ છે.

રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, રાજકોટ ડિવિઝનમાં માલવાહક ટ્રાફિક વધારવા માટે વર્તમાન માલ પરિવહનના નવા ગંતવ્યોની સતત ઓળખ કરવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું કે નવા ગંતવ્યો સુધી માલ લોડિંગ શરૂ થવાથી રેલવેના માલ પરિવહન નેટવર્કનો વિસ્તાર થાય છે અને ઉદ્યોગોને રેલ પરિવહન સાથે જોડવાની નવી તકો મળે છે.

હરિહર ચોકમાં હાથ ધરવામાં આવેલી જટિલ અને મહત્ત્વપૂર્ણ કામગીરી અંતે સફળતાપૂર્વક પૂર્ણ

# હરિહર ચોક ખાતે નવનિર્મિત બોક્સ કલવર્ટ ખુલ્લું

## ૧.૫ કિમીના લાંબા ફેરામાંથી હજારો વાહનચાલકોને મુક્તિ : છેલ્લા એક વર્ષથી બંધ રાખવામાં આવેલો હરિહર ચોક ફરીથી વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યા



રાજકોટ, તા.૧૭

રાજકોટ શહેરના વોર્ડ નંબર ૨ માં આવેલા વ્યસ્ત અને મુખ્ય હરિહર ચોકમાં હાથ ધરવામાં આવેલી જટિલ અને મહત્ત્વપૂર્ણ કામગીરી અંતે સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગઈ છે. અતિ જૂના અને જર્જરિત આર્ક ટાઈપ ક્લવર્ટને દૂર કરીને તેના સ્થાને આધુનિક તથા મજબૂત બોક્સ સ્લેબ ટાઈપ ક્લવર્ટ અને રિટેઈનિંગ વોલ નિર્માણનું કામ પૂર્ણ થતાં છેલ્લા એક વર્ષથી બંધ રાખવામાં આવેલો હરિહર ચોક ફરીથી વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ રસ્તો શરૂ થતાંની સાથે જ લીમડા ચોકથી પંચનાથ મંદિર રોડ અને ચૌધરી હાઈસ્કૂલ, સદર બજાર તેમજ હોસ્પિટલ ચોક તરફ આવતા-જતા હજારો વાહનચાલકોને દરરોજ દૈનિક ૧ થી ૧.૫ કિલોમીટર સુધીનો લાંબો ફેરો ફરવામાંથી મુક્તિ મળી છે. અંદાજે રૂ. ૨.૨૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ કામના લોકાર્પણ પ્રસંગે મેયર ડો. નેહલ શુક્લ, સ્થાનિક ધારાસભ્ય અને શહેર ભાજપ પ્રમુખ સહિતના નેતાઓ અને અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, હરિહર ચોક ખાતે નવું બોક્સ કલવર્ટ અને રિટેઈનિંગ વોલ બનાવવાની આ જટિલ કામગીરી દરમિયાન નાગરિકોની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી ગત સપ્ટેમ્બર માસમાં શહેર પોલીસ કમિશનર દ્વારા ખાસ જાહેરનામું બહાર પાડીને કાશી વિશ્વનાથ મેઈન રોડથી હરિહર ચોક તરફ જતાં બંને તરફના માર્ગો વાહનો માટે સંપૂર્ણપણે બંધ કરી દેવાયા હતા. આ ડાયવર્ઝનના કારણે વાહનચાલકોને હેડ પોસ્ટ ઓફિસ, જ્યુબિલી ગાર્ડન ચોક, જવાહર રોડ, સદર પોલીસ ચોકી, સદર વન-વે, ફૂલછાબ ચોક, આર-વર્લ્ડ સિનેમા, શારદાબાગ સ્થિત આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક, ભીલવાસ ચોક અને કાશી વિશ્વનાથ મેઈન રોડ જેવા વૈકલ્પિક માર્ગો પરથી ફરીને જવું પડતું હતું. આ લાંબા પ્રદક્ષિણા જેવા રૂટના કારણે ખાસ કરીને પીક અવર્સ દરમિયાન વિસ્તારમાં ટ્રાફિકનું ભારે ભારણ સર્જાતું હતું અને લોકોનો કિંમતી સમય તથા ઈંધણ બંનેનો વ્યય થતો હતો, જેનો હવે અંત આવ્યો છે.

આ લોકાર્પણ કાર્યક્રમ સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પારદર્શિતા લાવવા માટે એક નવી અને સરાહનીય પ્રથાનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. મનપાના જનરલ બોર્ડમાં લેવાયેલા નિર્ણય મુજબ, હવેથી શહેરના તમામ નવા વિકાસકામો સ્થળે એક ખાસ માહિતી બોર્ડ લગાવાશે, જેમાં ક્યાં કોન્ટ્રાક્ટરે ક્યારે અને કેટલા ખર્ચે કામ કર્યું, કામ ક્યારે શરૂ થયું અને ક્યારે પૂર્ણ થયું તથા કામ પૂર્ણ થયા બાદ કેટલા સમય સુધી તે કોન્ટ્રાક્ટરની જવાબદારી રહેશે તે સહિતની તમામ માહિતી સાર્વજનિક કરવામાં આવશે. મેયર ડો. નેહલ શુક્લના જણાવ્યા મુજબ, આ બોક્સ કલવર્ટ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવ્યું છે, જેનાથી વાહનચાલકોને સરળ અવરજવરની સુવિધા મળવાની સાથે ચોમાસામાં વિસ્તારમાં પાણી ભરાવાની વિકટ સમસ્યાનો પણ કાયમી નિકાલ આવશે.

ગ્રેડ-પે સુધારણા મુદ્દે

# લેન્ડ રેકોર્ડઝ કર્મીઓ આરપારના મૂડમાં

## રાજકોટ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી અલ્ટીમેટમઃ ૧૯મીએ માસ CL અને ૨૧ સપ્ટેમ્બરથી તમામ કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર




રાજકોટ, તા. ૧૭

રાજ્યમાં જમીન દફતર ખાતાના વર્ગ-૩ના કર્મચારીઓની પડતર માંગણીઓનો ઉકેલ ન આવતા હવે આંદોલનની આગ વધુ ઉગ્ર બનવા જઈ રહી છે. લાંબા સમયથી ચાલી રહેલી ગ્રેડ-પે સુધારણાની મુખ્ય માંગણી સામે સરકાર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતા, કર્મચારીઓએ ગાંધીચિંધ્યા માર્ગે લડતને આખરી ઓપ આપી દીધો છે. આવનારી ૧૯મી તારીખે રાજ્યભરના આશરે ૪ ૯ ૦ જેટલા કર્મચારીઓ એકસાથે માસ સી.એલ. પર ઉતરી જશે, જ્યારે ૨૧મી સપ્ટેમ્બરથી તમામ કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર જશે, જેના કારણે સરકારી કામગીરી ઠપ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

રાજકોટ ખાતે વર્ગ-૩ના કર્મચારીઓએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી પોતાની ગંભીર રજૂઆત કરી હતી. કર્મચારી મંડળે જણાવ્યું હતું કે જમીન દફતર ખાતાના કર્મચારીઓના ગ્રેડ-પે સુધારણા અંગે સરકાર કક્ષાએ અવારનવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા માત્ર ઉપેક્ષા જ કરવામાં આવી છે. સરકારના આ વલણ સામે ગુજરાત રાજ્ય લેન્ડ રેકોર્ડઝ વર્ગ-૩ કર્મચારી મંડળ, અમદાવાદ અને રાજકોટ જિલ્લા મંડળના આદેશ અનુસાર ૧૧ સપ્ટેમ્બરથી જ સમગ્ર રાજ્યમાં 'પેનડાઉન' હડતાળ શરૂ કરી દેવામાં આવી હતી.

'પેનડાઉન' હડતાળના આટલા દિવસો વિત્યા છતાં પણ શાસન કે પ્રશાસન તરફથી કોઈ સમાધાનકારી વલણ દાખવવામાં આવ્યું નથી. તંત્રની આ નીરસતાથી નારાજ થઈને રાજ્ય મંડળે હવે નાછૂટકે અચોક્કસ મુદતના આંદોલનનું શસ્ત્ર ઉગામવું પડ્યું છે. કર્મચારી નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે જો તેમના વ્યાજબી પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે. રાજ્ય મંડળ દ્વારા જાહેર કરવામાં આવેલા તમામ આંદોલનાત્મક કાર્યક્રમોને રાજકોટ જિલ્લા મંડળે પણ પૂરતું સમર્થન જાહેર કર્યું છે. આગામી દિવસોમાં યોજાનાર માસ સી.એલ. અને અચોક્કસ મુદતની હડતાળમાં રાજકોટ જિલ્લાની તમામ લેન્ડ રેકોર્ડઝ કચેરીઓના કર્મચારીઓ એકજૂટ થઈને જોડાશે. કર્મચારીઓની આ હડતાળને કારણે જમીન માપણી, નોંધણી અને દસ્તાવેજી કામગીરી અટવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે, જેનાથી અરજદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી રવિવાર તા. ૨૦ હાયર સેકન્ડરી શાળાઓમાં શિક્ષક બનવા સૌરાષ્ટ્ર કચ્છના

# TAT માટે ૧૫૯૦૦ ઉમેદવારો આપશે કસોટી

## રાજકોટમાં ૮૪ સીસીટીવી સજ્જ કેન્દ્રો તૈયાર કરાયા : અનિચ્છનીય બનાવો ન બને તે માટે ગોઠવાયો ચુસ્ત બંદોબસ્ત

રાજકોટ, તા. ૧૭

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી રવિવાર તા. ૨૦ હાયર સેકન્ડરી શાળાઓમાં શિક્ષક બનવા માટેની 'ટાટ સેકન્ડરી' મુખ્ય પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યભરમાંથી આ સ્પર્ધાત્મક કસોટી અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ એમ ચાર મુખ્ય સેન્ટરો પરથી લેવામાં આવશે, જેમાં રાજકોટ સેન્ટર ખાતે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના આશરે ૧૫,૯૦૦ જેટલા ઉમેદવારો પરીક્ષા આપનાર છે. રાજકોટમાં ઉમેદવારોની બેઠક વ્યવસ્થા માટે CCTV કેમેરાથી સજ્જ એવા ૮૪ પરીક્ષા કેન્દ્રો તૈયાર કરવામાં આવ્યા છે.



આ પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ચોરી, ગેરરીતિ કે અનિચ્છનીય બનાવો ન બને તે માટે જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશના સીધા માર્ગદર્શન હેઠળ અત્યંત કડક સુનિશ્ચિત પ્રબંધો કરવામાં આવ્યા છે. આ અંતર્ગત તમામ ૮૪ કેન્દ્રો પર ખાસ નિરીક્ષણ માટે વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને ઓબ્ઝર્વર તરીકે નિયુક્ત કરી દેવામાં આવ્યા છે. પરીક્ષાના પ્રશ્નપત્રો શનિવારે ખાસ GPS ટ્રેકિંગ ધરાવતા વાહનો અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ અમદાવાદથી રાજકોટ લાવવામાં આવશે, જ્યાં પહોંચતા જ તેને સ્ટ્રોંગરૂમમાં સલામત રીતે સીલ કરી દેવાશે. આ સમગ્ર પ્રક્રિયા અને વ્યવસ્થા પર દેખરેખ રાખવા રાજ્ય પરીક્ષા બોર્ડના ઉચ્ચ અધિકારીઓ પણ શનિવારે જ રાજકોટ આવી પહોંચશે.

પરીક્ષાનું માળખું બે સત્રોમાં ૧૦૦-૧૦૦ ગુણના બે પેપર મુજબ રાખવામાં આવ્યું છે, જેમાં સવારે ૧૦:૩૦ થી ૧:૦૦ વાગ્યા દરમિયાન ભાષા સજ્જતા વિષયનું અને બપોરે ૩:૦૦ થી ૬:૦૦ વાગ્યા દરમિયાન ઉમેદવારના જે-તે મુખ્ય વિષયનું પેપર લેવાશે. પરીક્ષાની પારદર્શિતા જાળવવા માટે પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારોમાં આવેલા ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવાનું અધિકૃત જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવાયું છે, તેમજ પરીક્ષા ખંડમાં મોબાઈલ, કેલ્ક્યુલેટર કે અન્ય કોઈપણ ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. બીજી તરફ ઉમેદવારોને પરીક્ષા આપતી વખતે કોઈ અગવડ ન પડે તે માટે પીવાના પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિત પટેલ દ્વારા પરીક્ષા શાંતિપૂર્ણ અને સુચારૂ વાતાવરણમાં યોજાય તે માટેની તમામ આખરી તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

# થોરીયાળી બેઠકની પેટાચૂંટણી જાહેર

## ૧૧ ઓક્ટોબરે મતદાન અને ૧૩મીએ મતગણતરી : ૨૬ સપ્ટેમ્બર સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે

રાજકોટ, તા. ૧૭

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પંચાયતની થોરીયાળી બેઠકની પેટાચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ચૂંટણીનું જાહેરનામું સપ્ટેમ્બર માસમાં પ્રસિદ્ધ થતાંની સાથે જ ચૂંટણી જંગમાં ઝંપલાવવા માંગતા ઉમેદવારો માટે નામાંકન પત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થઈ જશે. રાજકીય ગરમાવો લાવનારી આ પેટાચૂંટણીમાં આગામી ૨૬ સપ્ટેમ્બર સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે, ત્યારબાદ ૨૮ સપ્ટેમ્બરે ભરાયેલા ફોર્મની ચકાસણી કરવામાં આવશે. જ્યારે ઉમેદવારી પત્ર પરત ખેંચવા માટે ૨૯ સપ્ટેમ્બરની આખરી તારીખ નક્કી કરવામાં આવી છે.

ચૂંટણી પ્રક્રિયાના આયોજન મુજબ ૧૧ ઓક્ટોબરના રોજ સવારે ૭:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી ચાર મતદાન મથકો પર મતદાન યોજાશે. આ બેઠક પર કુલ ૪,૧૫૯ મતદારો મતાધિકાર ધરાવે છે, જેમાં ૨,૧૮૭ પુરુષ અને ૧,૯૭૯ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. જો કોઈ કારણોસર પુનઃ મતદાનની સ્થિતિ ઊભી થાય તો ૧૨ ઓક્ટોબરે ફરીથી વોટિંગ કરાવાશે, જ્યારે ૧૩ ઓક્ટોબરે તમામ મતોની ગણતરી હાથ ધરી પરિણામ જાહેર કરાશે. આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા તમામ જરૂરી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુખાકારી, આરોગ્ય અને માળખાકીય વિકાસને કેન્દ્રમાં રાખીને

# મનપામાં ૯૦૦ કરોડના વિકાસકામો મંજૂર

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે શહેરીજનો માટે વિવિધ સેવાકીય અને સુવિધાલક્ષી પ્રકલ્પોની ભેટ

રાજકોટ, તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુખાકારી, આરોગ્ય અને માળખાકીય વિકાસને કેન્દ્રમાં રાખીને વિવિધ સેવાકીય તથા વિકાસલક્ષી કાર્યોનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનના સેવા, સુશાસન અને જનકલ્યાણના સંકલ્પને આગળ ધપાવવાના હેતુથી આજે પત્રકાર પરિષદમાં મેયર ડો. નેહલ શુકલ, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાએ મ્યુનિસિપલ તંત્રની વિવિધ યોજનાઓ અને વિકાસકામો અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

આ અનોખા અવસરે માનવસેવા અને ક્ષેત્રિય આરોગ્યલક્ષી પ્રવૃત્તિના ભાગરૂપે શહેરના તમામ ૧૮ વોર્ડમાં આવેલા ૧૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યા હતા. આ સાથે શહેરના પાયાના અને સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (વર્ષ ૨૦૨૬-૨૭) ની મળવાપાત્ર ગ્રાન્ટ અંતર્ગત છ હેડ હેઠળ રૂ. ૯૦૦ કરોડના એકંદર ૨૭૨ કામોની



દરખાસ્ત મંજૂર કરીને રાજ્ય સરકારની અંતિમ સ્વીકૃતિ અર્થે મોકલી આપવામાં આવી છે.

તંત્ર દ્વારા ખાસ કરીને 'ન.ગ.ર.' એટલે કે નળ, ગટર અને રસ્તા જેવી પાયાની જરૂરિયાતો પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જે વિસ્તારોમાં હજુ સુધી આ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ નથી, ત્યાં આ ગ્રાન્ટમાંથી ખર્ચ કરવામાં આવશે. આ રૂ. ૯૦૦ કરોડની કુલ દરખાસ્ત પૈકી રૂ. ૨૩૨ કરોડનો એક હપ્તો રાજ્ય સરકારે અગાઉ જ ફાળવી દીધો છે અને હવે તબક્કાવાર ગ્રાન્ટ મળતાની સાથે જ તમામ કામગીરી આગળ ધપાવવામાં આવશે.

વિશેષમાં, રૂ. ૪૨૮ કરોડના ખર્ચે રસ્તા, સ્ટ્રીટલાઈટ, સ્ટ્રોર્મ વોટર ગટર, ગાર્ડન, સ્મશાનગૃહ, ફાયર સ્ટેશન અને ડ્રેનેજ સહિતના ૧૩૮ કામોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શાળા મકાન, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સ્વિમિંગ પૂલ, શાક માર્કેટ, શહેરી પરિવહન, આગવી ઓળખ આપતા કામો, ટીપી રોડ, રસ્તા રિપેરિંગ તેમજ નવા ભળેલા વિસ્તારોના વિકાસના કામોનો પણ તેમાં સમાવેશ થાય છે. આ સિવાય રાજ્ય સરકારની સૂચના મુજબ રાજકોટમાં નવા સીમેન્ટ રોડ બનાવવાનું આયોજન પણ હાલ પ્રક્રિયા હેઠળ છે.

# 'કામ'કાંડ

## સ્પામાં કૂટણખાના, દેહ વ્યાપારમાં તેજી



રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દિવસેને દિવસે વધુ વણસી રહી છે. રંગીલું શહેર ગણાતું રાજકોટ હવે ગુનાખોરીનું મોટું કેન્દ્ર બની રહ્યું હોય તેમ લાગે છે. શહેરમાં કાયદાનું શાસન કે પોલીસનો કોઈ ડર રહ્યો નથી. ચોતરફ અસામાજિક તત્વો બેફામ બન્યા છે. દારૂના દૂષણે શહેરને ચોતરફથી ઘેરી લીધું છે. નશાના કારોબાર સાથે હત્યા જેવા ગંભીર ગુનાઓ સતત વધી રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે ગેરકાયદેસર દેહ વ્યાપારના કાળા કારોબારમાં પણ ભારે તેજી જોવા મળી રહી છે.

તાજેતરમાં ઘટેલી એક આઘાતજનક ઘટનાએ આખા શહેરને હચમચાવી મુક્યું છે. કેટરર્સના કામમાં રોજગારી આપવાના બહાને એક સગીરાને ફસાવવામાં આવી હતી. ત્યારબાદ તેને બળજબરીથી દેહ વ્યાપારના દૂષણમાં ધકેલી દેવામાં આવી હતી. આ ઘટનાએ સમગ્ર રાજકોટમાં ભારે ચર્ચા અને આક્રોશ જગાવ્યો છે. ગરીબ અને લાચાર પરિવારની દીકરીઓને લાલચ આપી ગુનાખોરો પોતાનો શિકાર બનાવી રહ્યા છે.

બીજી તરફ શહેરના પોશ વિસ્તાર ગણાતા રૈયા રોડ પરથી પણ સ્પાની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું છે. રાજકોટના સ્પા સેન્ટરો હવે મસાજ માટે નહીં પરંતુ ગેરકાયદે પ્રવૃત્તિઓના અડ્ડા બની ગયા છે. શહેરમાં સતત સ્પામાંથી કૂટણખાના ઝડપાવાની ઘટનાઓ સામે આવી રહી છે. સ્પા માલિકો પૈસાની લાલચમાં દેહ વ્યાપારનો ખુલ્લેઆમ કારોબાર ચલાવી રહ્યા છે.

સમગ્ર રાજકોટમાં પોલીસ તંત્રની કોઈ ધાક કે કાબૂ રહ્યો નથી. ગુનેગારોને પોલીસ કે કાયદાનો સેજ પણ ભય રહ્યો નથી. આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા માટે પોલીસ તંત્ર પાસે કોઈ નક્કર આયોજન નથી. માત્ર બાતમીના આધારે ક્યારેક દરોડા પાડીને સંતોષ માની લેવાય છે. પરંતુ આ દૂષણના મૂળ સુધી પહોંચવામાં તંત્ર નિષ્ફળ નીવડ્યું છે.

આવી જ પરિસ્થિતિ ચાલુ રહેશે તો રાજકોટની શાંતિ સંપૂર્ણપણે હણાઈ જશે. ગુનાખોરીના આ વધતા ગ્રાફને કારણે સામાન્ય નાગરિકો અને બહેન-દીકરીઓની સુરક્ષા સામે મોટો ખતરો મંડાયો છે. તંત્રએ તાત્કાલિક જાગીને કડક પગલાં ભરવાની જરૂર છે.

# ભારતમાં અનેક ભાષાઓ

## ભાષાકીય વિવાદો ટાળવા માટે, મૌનએ યોગ્ય નીતિ

નવીદિલ્હી, તા. ૧૭

ભારત એક અનોખો દેશ છે જેમાં વિવિધ બોલીઓ અને ભાષાઓ છે. ભારતમાં સેંકડો ભાષાઓ બોલાય છે. દેશની ભાષાકીય વિવિધતાનો સાચો વ્યાપ છેલ્લી વસ્તી ગણતરી દરમિયાન બહાર આવ્યો હતો. વસ્તી ગણતરી દરમિયાન જ્યારે લોકોને એક સરળ પ્રશ્ન પૂછવામાં આવ્યો: ''તમે ઘરે કઈ ભાષા બોલો છો?'', ત્યારે ૧૯,૫૬૯ અલગ અલગ જવાબો મળ્યા. તેનો અર્થ એ કે ૧૯,૫૬૯ લોકો નહીં, પરંતુ ૧૯,૫૬૯ લોકો તેમની માતૃભાષા માટે અલગ અલગ નામો ધરાવે છે, જેમ કે બોલીઓ, પ્રાદેશિક ભિન્નતા અને વિવિધ ગામોમાં ઘરે બોલાતી ભાષાની ભિન્નતા. વસ્તી ગણતરી અધિકારીઓ માટે ભાષાઓની અલગ યાદી બનાવવી સરળ નહોતી. યાદીને સોર્ટ કરવામાં તેમને ઘણા વર્ષો લાગ્યા. લાંબી પ્રક્રિયા પછી, તેઓએ નક્કી કર્યું કે કઈ ખરેખર અલગ ભાષાઓ છે અને કઈ એક જ ભાષા માટે ફક્ત અલગ સ્થાનિક નામો છે.

સોર્ટ કરવાની લાંબી પ્રક્રિયા પછી, તેમની પાસે ૧,૩૬૯ માતૃભાષાઓ બાકી હતી જેને અલગથી ગણી શકાય. આને ૧૨૧ ભાષાઓના વિવિધ જૂથોમાં વિભાજિત કરવામાં આવી હતી, દરેક ઓછામાં ઓછા ૧૦,૦૦૦ લોકો બોલે છે. એક દેશ. એક વસ્તી ગણતરી ફોર્મ. એક પ્રશ્ન, જેનો જવાબ આપવા માટે લગભગ ૨૦,૦૦૦ અલગ અલગ રીતો છે. આ ૧૨૧ ભાષાઓમાંથી, ૨૨ ભાષાઓને બંધારણમાં વિશેષ દરજ્જો છે. તેઓ આઠમી અનુસૂચિ હેઠળ સમાવિષ્ટ છે, અને એકંદરે, દર ૧૦૦ માંથી લગભગ ૯૭ ભારતીયો આ ૨૨ ભાષાઓમાંથી એક ભાષાને તેમની માતૃભાષા તરીકે ધરાવે છે. હિન્દી સૌથી મોટી ભાષા છે, જે દેશના લગભગ ૪૪ ટકા લોકો અને મુખ્યત્વે ઉત્તર ભારતમાં બોલે છે.

હિન્દી ઉપરાંત, બંગાળી, મરાઠી, તેલુગુ, તમિલ, ઉર્દૂ, ગુજરાતી અને કન્નડ બધાના બોલનારા લાખોમાં છે. જો કે, આ ૨૨ અનુસૂચિત




ભાષાઓમાંથી એક, સંસ્કૃત, એક અબજથી વધુ વસ્તી ધરાવતા દેશમાં માત્ર ૨૫,૦૦૦ લોકો દ્વારા માતૃભાષા માનવામાં આવે છે. આ ભાષાનો ઉપયોગ રોજિંદા વાતચીતને બદલે ધાર્મિક સમારંભો અને શાસ્ત્રોમાં થાય છે. ઘણા લોકોને આશ્ચર્ય થાય છે તે એક વાત એ છે કે કોઈ પણ ભારતીય ભાષાને બંધારણીય રીતે ''રાષ્ટ્રીય ભાષા'' જાહેર કરવામાં આવી નથી. હિન્દી અને અંગ્રેજી કેન્દ્ર સરકારની બે સત્તાવાર ભાષાઓ છે, જેનો ઉપયોગ સરકાર તેના સત્તાવાર કાર્ય માટે કરે છે. આ એક અબજથી વધુ લોકો માટે ''મુખ્ય ભાષા'' જાહેર કરવા કરતાં સંપૂર્ણપણે અલગ છે, અને બંધારણ ઈરાદાપૂર્વક આવા દાવા કરવાનું ટાળે છે. આનું એક મુખ્ય કારણ ભૂગોળ છે. ભારતનો વિકાસ અંદરની તરફ થયો નથી, જેમ કે કેટલાક અન્ય દેશો. તે એકસાથે અનેક સ્થળોએ વિકસ્યું: નદીઓ, દરિયાકિનારો, પર્વતમાળાઓ, ઉચ્ચપ્રદેશો, વગેરે. સદીઓથી અલગ પડેલા લોકોના દરેક જૂથે રસ્તાઓ, રેલ્વે અથવા રેડિયો સાથે જોડાતા પહેલા પોતાની અલગ ભાષા વિકસાવી હતી.

અમુક અંશે, આ ઈતિહાસ પર ઈતિહાસનું સ્તર છે. સંસ્કૃતમાંથી ઉતરી આવેલી ભાષાઓ ઉત્તર અને પશ્ચિમમાં ફેલાયેલી હતી. દ્રવિડ ભાષાઓ દક્ષિણમાં મૂળિયાં જમાવી હતી. તે પ્રદેશમાં, તે સંસ્કૃત કરતાં જૂની ભાષાઓ હતી. વેપારીઓ, આક્રમણકારો, મિશનરીઓ અને સ્થળાંતર કરનારાઓએ ફારસી, અરબી, પોર્ટુગીઝ અને અંગ્રેજી શબ્દો ઉમેર્યા, અને કેટલીક જગ્યાએ, સંપૂર્ણપણે નવી ભાષાઓ પણ બનાવી. કોઈએ તેને બનાવી નથી. તે ફક્ત એકઠી થઈ. દર થોડા વર્ષે, ચેન્નાઈ કે કોહિમાના બાળકને શાળામાં કેટલું હિન્દી શીખવી જોઈએ, સરકારી નોકરીઓ માટે અંગ્રેજી કેટલું મહત્વનું હોવું જોઈએ, અથવા હિન્દી-પ્રભુત્વ ધરાવતા રાષ્ટ્રીય વાર્તાલાપમાં રાજ્યની પોતાની ભાષાને યોગ્ય ધ્યાન આપવામાં આવી રહ્યું છે કે કેમ તે અંગે એક નવી ચર્ચા શરૂ થાય છે. આ વાસ્તવિકતા અને જીવંત મતભેદ બંને છે, સ્થાયી ઈતિહાસ નથી, અને કોઈ એક લેખ તેમને ઉકેલી શકતો નથી.

# UPI પર સરકારને સમર્થન આપતા ઓમર અબ્દુલ્લા

## જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મોંઘુ છે

નવીદિલ્હી, તા. ૧૭

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ UPI વ્યવહારો પર વસૂલવામાં આવતી ફી અંગે કેન્દ્ર સરકારના વલણને સમર્થન આપ્યું. તેમણે જણાવ્યું હતું કે ડિજિટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જાળવવા અને ચલાવવાનું સસ્તું નથી, પરંતુ સરકારને સામાન્ય ગ્રાહકોને પ્રાથમિકતા આપવાની સલાહ પણ આપી હતી. મીડિયા સાથે વાત કરતા, મુખ્યમંત્રીએ કહ્યું, ''આ ફી દરેક પર લાદવામાં આવી રહી નથી. સૌ પ્રથમ, એક વ્યક્તિથી બીજા વ્યક્તિને પૈસા મોકલવા માટે કોઈ ફી નથી. વધુમાં, સામાન્ય ગ્રાહકો ચોક્કસ વ્યવહાર મર્યાદા કરતાં વધુ ન હોય ત્યાં સુધી તેમની પાસેથી કોઈ વસૂલવામાં આવશે નહીં.''



મુખ્યમંત્રીએ ભાર મૂક્યો કે UPI ઈન્ફ્રાસ્ટ્રક્ચર જાળવવા અને ચલાવવાનું સસ્તું નથી. તેમણે સમજાવ્યું કે ચુકવણી પ્રણાલીમાં ઘણા પૈસા ખર્ચ થાય છે. તેમણે ઉમેર્યું, ''વાસ્તવિકતા એ છે કે જ્યારે કોઈ વસ્તુ સંપૂર્ણપણે મફત હોય છે, ત્યારે આપણે ઘણીવાર તેના સાચા મૂલ્યને ઓછો આંકીએ છીએ. તેમ છતાં, ભારત સરકારે ખાતરી કરવી જોઈએ કે સામાન્ય નાગરિકો પર આ ફીનો બોજ ન પડે. જો કંપનીઓ પાસેથી ચાર્જ લેવામાં આવે તો મને કોઈ વાંધો નથી, કારણ કે તેઓ કોઈપણ રીતે UPI દ્વારા નોંધપાત્ર નફો કરે છે.''

આગામી વિધાનસભા સત્ર વિશેના પ્રશ્નના જવાબમાં, મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સરકારની પ્રાથમિકતા એ સુનિશ્ચિત કરવાની રહેશે કે ગૃહ સુચારુ રીતે કાર્ય કરે અને ધારાસભ્યોને સંતોષકારક જવાબો મળે. તેમણે કહ્યું, ''વિધાનસભા સત્રમાં બે એજન્ડા હોય છે. એક સરકારનું પોતાનું કાયદાકીય કાર્ય છે. જ્યારે આ સ્વાભાવિક રીતે કેન્દ્રશાસિત પ્રદેશમાં પૂર્ણ રાજ્ય કરતાં ઓછું હોય છે, તેમ છતાં સરકાર ગૃહમાં કાયદાકીય બાબતો લાવે છે. વધુમાં, માનનીય ધારાસભ્યો, પછી ભલે તે શાસક પક્ષના હોય કે વિપક્ષના, તેમના મતવિસ્તાર અને લોકોને અસર કરતા મુદ્દાઓ પર પ્રશ્નો ઉઠાવવાની તક ધરાવે છે. બિલ અને ઠરાવો રજૂ કરવામાં આવે છે.'' જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ UPI ફી અંગે કેન્દ્ર સરકારના વલણને સમર્થન આપ્યું. તેમણે કહ્યું કે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મોંઘુ છે. તેમણે સરકારને સામાન્ય ગ્રાહકોનું ધ્યાન રાખવાની પણ સલાહ આપી.

## અમેરિકાએ હુતી લડવૈયાઓ સાથે ગુપ્ત સોદો કર્યો

# સાઉદી અરેબિયા લાલ સમુદ્રમાં ફસાયેલું

નવીદિલ્હી, તા. ૧૭

સાઉદી અરેબિયા અને હુથી લડવૈયાઓ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં એક નવી અપડેટ સામે આવી છે. અહેવાલો અનુસાર, વોશિંગ્ટનના રાજદ્વારીઓ અને ટોચના હુથી નેતાઓ વચ્ચે ત્રણ દિવસ પહેલા એક ગુપ્ત બેઠક થઈ હતી. આ બેઠકથી બંને વચ્ચે એક નવી ડીલના સમાચાર બહાર આવ્યા હતા. આ સમાચારથી રિયાધમાં તણાવ વધ્યો છે. અમેરિકા અને હુથીઓએ ૨૦૨૫ના કરારનું નવીકરણ કર્યું છે. હુથી લડવૈયાઓએ વોશિંગ્ટનને ખાતરી આપી છે કે લાલ સમુદ્રમાં તેમના જહાજોને નિશાન બનાવવામાં આવશે નહીં, જેના પગલે અમેરિકાએ યમનમાં સાઉદી સહાય સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

તાજેતરમાં, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ફોન કરીને મદદની વિનંતી કરી હતી, પરંતુ ટ્રમ્પે કોઈ નક્કર







ખાતરી આપી ન હતી. જે રીતે આ સમાચાર બહાર આવ્યા છે તેનાથી રિયાધનો તણાવ વધવાની શક્યતા છે. સાઉદી અરેબિયાને હજુ સુધી પાકિસ્તાન, તુર્કી અને અમેરિકા જેવા દેશો તરફથી કોઈ મદદ મળી નથી. સાઉદી અરેબિયાએ હવે હુથીઓ સામેની લડાઈમાં બ્રિટન, ઈજિપ્ત અને ઈઝરાયલ પાસેથી સમર્થન માંગ્યું છે. ૨૦૨૫ માં, વોશિંગ્ટને હુથી બળવાખોરોને આતંકવાદી જાહેર કર્યા. તેઓએ તેમને ખતમ કરવા માટે યમન પર વ્યાપક બોમ્બમારો કર્યો, પરંતુ આ છતાં, અમેરિકા નિષ્ફળ રહ્યું. આખરે, અમેરિકાએ હુથી બળવાખોરો સાથે સમાધાન કર્યું. અમેરિકા હાલમાં ઈરાન સાથે યુદ્ધમાં ફસાયેલું છે, જેના કારણે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી તેનો પુરવઠો ખોરવાઈ ગયો છે. હુથી બળવાખોરો સામે લડવાથી લાલ સમુદ્રમાં તેની સમસ્યાઓ વધી શકે છે. વધુમાં, હુથીઓ સામે લડવા માટે વધુ ખર્ચની જરૂર પડશે. હાલમાં, વોશિંગ્ટન આમ કરવાની સ્થિતિમાં નથી.

સાઉદી અરેબિયા હુથી લડવૈયાઓના રડાર પર છે કારણ કે રિયાધ યમનની સરકારને લશ્કરી સહાય પૂરી પાડી રહ્યું છે. અમેરિકાને યમનની લશ્કરી સરકારથી કોઈ ફાયદો દેખાતો નથી, અને તેથી, અમેરિકાએ તેનાથી દૂરી બનાવી લીધી છે. યમનમાં અમેરિકાના ભૂતપૂર્વ નાયબ રાજદૂત, નબીલ ખૌરીના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્ર અને હુથીઓ વચ્ચે એક મૌન સમજૂતી થઈ છે. ખૌરી કહે છે કે આ કરાર હેઠળ, હુથીઓ અમેરિકાને નુકસાન પહોંચાડશે નહીં, અને અમેરિકા હુથીઓને નુકસાન પહોંચાડશે નહીં. ગયા અઠવાડિયે યુએસ રાજદ્વારીઓ અને ટોચના હુથી અધિકારીઓ વચ્ચે એક ગુપ્ત બેઠકમાં સંમતિ થઈ હતી કે યુએસ સૈનિકો અને હુથી લડવૈયાઓ એકબીજા પર હુમલો નહીં કરે.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચાલો પ્રાર્થના કરીએ

## 'મંદિર તારું વિશ્વ રૂપાળું' એ પ્રાર્થનામાં કવિ મંદિર કોને કહે છે?



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે મમ્મીની પાંચમી પુણ્યતિથિ છે! એટલે કે શ્રાદ્ધ છે, જોકે માબાપને યાદ કરવાં પુણ્યતિથિ કે જન્મ દિવસની જરૂર પડતી નથી. સર્જન વિસર્જન તો સૃષ્ટિની અનેરી ખાસિયત છે, એનો બહુ લાંબો હરખ શોક ન હોય, એવાં સહજ અને પ્રથમ જ્ઞાનની મમ્મી જનેતા રહી, અને આવી તો કેટલીય ઉચ્ચ છતાં સહજ જ્ઞાનની વાતો એ કરતી!આજે ગુરુવાર પ્રાર્થનાનો દિવસ ! અને મમ્મી ગીત, ભજન, પ્રાર્થનાં બહુ ગાતી, એટલે આજે એને બહુ ગમતી એક પ્રાર્થનાં! પ્રાર્થનાં એ એક એવો ઘંટ છે કે જેનાથી ઈશ્વર પણ એ તરફ જોવા વિવશ થાય છે, અને ભક્ત પણ ઈશ્વર તરફ જુવે છે. કોઈપણ જગ્યાએ ક્યાંક પ્રાર્થના ગવાતી હોય ત્યારે આપણું મન તે તરફ ખેંચાય જ છે, અને અનાયસ એ ઉદગાર આપણા મોઢામાંથી નીકળી જાય છે. એ બતાવે છે કે પ્રાર્થના એ સૌનાં હૃદયને પવિત્ર કરનારુ ઝરણું છે. આમ તો બીજે ક્યાંય ઈશ્વરને શોધવાંની જરૂર જ ક્યાં છે! સૃષ્ટિ તરફ જરાક નજર કરીએ તો સમગ્ર સૃષ્ટિ એ એક મંદિરમાં વસતા દેવથી પણ વિશેષ લાગે છે. અથવા તો મૌન મૂર્તિ કરતાં આ જીવંત મૂર્તિઓનું મંદિર વધુ રૂપાળું લાગે છે, એમ કહી શકાય. મારી તમારી કે પછી સંસારમાં દરેક વ્યક્તિઓની વ્યથા એકમાત્ર પ્રાર્થનાથી જ દૂર થઈ શકે એમ છે, અને આપણને કોઈ પણ પ્રકારનાં અભાવો હોવાનું કારણ પણ આપણે પોતે જ છીએ, નહીં તો આ સૃષ્ટિમાં શું નથી!! દિવસ રાત સતત થાક્યા વગર ઊડાઊડ કરતો પવન, દિવસ-રાત જોયા વગર વહેતું પાણી, સૂર્ય ચંદ્ર નિયત સમયે રોજ થાક્યા વગર પ્રકાશે છે, અને આ પુષ્પવાટિકામાં ફુલ ઉગે છે,રસાળ ફળ પ્રાપ્ત થાય છે, વિશાળ સાગર જેવું આકાશ, ન જાણે કેટલાય ગ્રહોને સમાવીને સ્થિર શાંત રહી, આપણી પર છત્ર બનીને કાયમ રહે છે.આ ધરા આપણા જેવા નિષ્ઠુરનો ભાર વર્ષો વર્ષથી સહન કરતી હોવા છતાં પણ ઉહકારો પણ કરતી નથી. શું આ બધું ઈશ્વર નથી? આ બધું જ અંતે તો આપણું પોષણ કરનારા મૂળભૂત પંચમહાભૂત ઈશ્વર તત્વ છે, અને આ સૃષ્ટિ જ એક મહિમાવંત મંદિર છે. મહાપુરુષો એ ક્યારેક આ મંદિરની વ્યાખ્યા પણ કરી છે. કવિઓએ પણ જગત, સૃષ્ટિ, પૃથ્વી, પ્રકૃતિ, પર ખૂબ રચનાઓ લખી છે, અને દરેકે દરેક જણ આ પ્રત્યેક દેવ એટલે કે પંચ પ્રાણતત્વને જ ઈશ્વર સમજવા એવો નિર્દેશ કરે છે. આવી જ એક પ્રાર્થના આપણે સૌએ નિશાળમાં ભણતા ત્યારે કરી હતી, પ્રાર્થનાનો સાચો અર્થ એ સમયે મમ્મીએ શીખવ્યો હતો,કે પરીક્ષામાં પાસ થવા પ્રાર્થનાનો સહારો લેવાનો નથી, ત્યાં પુરુષાર્થની જરૂર પડે,ને બુદ્ધિ ચાતુર્ય એ ગુણ નથી, ગુણ તો સૌની સાથેના પ્રેમાળ વ્યવહારથી આવે, કોઈની મદદ કરવાથી આવે,થોડુંક જતું કરવાથી આવે,માફ કરી દેવાથી આવે, વગેરે વગેરે. તો આપણે આજે આવી જ સૃષ્ટિ સહજ સર્જનહારના મંગલ મંદિરની વાત કરીશું.

મંદિર તારું વિશ્વ રૂપાળું

મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે
પળ પળ તારા દર્શન થાયે દેખે દેખનહારા રે----મંદિર
નહીં પુજારી નહીં કોઈ દેવા નહીં મંદિર ને તાળા રે
નીલ ગગન માં મહિમા ગાતા ચાંદો સૂરજ તારા રે----મંદિર
વર્ણન કરતાં શોભા તારી થાક્યા કવિગણ ધીરા રે
મંદિર માં તું ક્યાં છુપાયો શોધે બાળ અધીરા રે----મંદિર

કવિ શ્રી જયંતીલાલ આચાર્યનો જન્મ મહેસાણામાં થયો હતો અને તેમનું વતન અમદાવાદ છે, નવજીવન સેવા ટ્રસ્ટના તે સંસ્થાપક હતા, અને અમદાવાદની સુપ્રસિદ્ધ ગુજરાતી વિદ્યાલય,તથા શ્રેયાંશ શાળાના ગુજરાતીના તે શિક્ષક હતાં. આટલા મોટા ગજાના સાહિત્યકાર હોવા છતાં પણ, તેમને નામે એક પણ પુસ્તક નથી. તેમણે ઘણાં બધાં પુસ્તકો પર ટીપ્પણી લખી છે, અને વિવેચન કર્યું છે. તેમણે અનુવાદ પણ ઘણાં બધાં પુસ્તકોનું કર્યું છે, આ રચના સિવાય પણ તેમની એક સુપ્રસિદ્ધ રચના અંતરનાં અંતરમાં બિરાજતા એ દેવ, જે લગભગ બધાંએ સાંભળી જ હશે.

ચરિત્ર નિર્માણની રચનામાં ગુજરાતના સંત કવિઓ અને બાઉલ પંથને નામે બે ધારા ધરાવતા પુસ્તકોની રચના કરી, જેમાં એકમાં સ્વયં ઉચ્ચ કોટિના કવિની રચનાને બીજામાં નિરક્ષર લોકકવિની રચના. રવીન્દ્રનાથનાં કાવ્યો અને મૌલિક, માનવધર્મ, બ્રહ્મચર્ય, સાહિત્ય, મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ, ગીતાની ભૂમિકા અને આપણો ધર્મ, મધ્યયુગની સાધના ધારા. ઉપરાંત એક બે ગ્રંથનું સંપાદન પણ કર્યું, રવિન્દ્રનાથ ટાગોરના જીવનથી તે બહુ જ પ્રભાવિત હતા, અને તે અમુક બાબતોમાં તેમને અનુસરતાં પણ હતાં.જીવનના ઉતરાર્ધમાં તેઓ અરવિંદ ઘોષની ફિલોસોફી તરફ વળ્યાં હતાં. આપણું ગુજરાતી સાહિત્ય આવાં ઉચ્ચ ગજાનાં કવિ કે લેખકથી હર્યુંભર્યુ છે! અને આપણને તેની માટે સદાય ગર્વ રહેશે.

પ્રાચીન કે અર્વાચીન પ્રાર્થના ભજન કે ગીત ના શબ્દો જોઈએ તો આપણેને એમ થાય, કે સમય બદલાય છે, એની સાથે સાથે ઘણું બધું બદલાય છે. ઈશ્વરને પ્રસન્ન કરવા માટેના દરેક યુગમાં અલગ અલગ સાધન બતાવાયા છે. જેમ કે પહેલા વેદ ઉપનિષદની શ્રુતિ કે ઋચા અથવા તો મોટા મોટા સ્તોત્ર અને પછી આદિદેવ શંકરાચાર્ય દ્વારા સ્તુતિ સ્તવન રચાયા! પણ એ બધું અંતે તો ભારેખમ સંસ્કૃતમા. આપણી પ્રાર્થના ઓ જોઈએ તે બધી જ બતાવે છે, કે સાવ સીધા સાદા શબ્દો, જેટલી અસર કરે છે, તેટલા ભારેખમ શબ્દોની અસર થતી નથી. આ પૂર્ણ વિશ્વ જ એક મંદિર છે, અને તેનું સર્જન કરનાર જ પરમ કૃપાળુ પરમાત્મા કેટલો સુંદર હશે!! દરેક ક્ષણે તેના દર્શન થાય છે. પણ તેને જોવાની દ્રષ્ટિ જોઈએ,જેની પાસે એવી દ્રષ્ટિ હોય તે જ જોઈ શકે. પ્રત્યક્ષ રીતે અહીં કોઈ જ દેવ નથી કે કોઈ જ પૂજારી નથી, કે આ મંદિરને ક્યાંય તાળું પણ નથી,અને આમ જુઓ તો બધાં જ દેવ તુલ્ય છે, અને જે આ મહિમાને સમજે છે, તે એ દેવત્વ અને પ્રણામ કરીને પૂજારી પણ બની શકે છે. નીલા આકાશમાં ચાંદો અને સૂરજ આ દેવના મહિમા ગાતા પ્રત્યક્ષ પ્રમાણ છે. આ સમગ્ર સૃષ્ટિનું વર્ણન કરતાં ધૈર્યવાન કવિઓ થાક્યાં, પણ તારી આ રહસ્યમયી સૃષ્ટિનો તે તાગ પામી શક્યા નથી.જે દેવી-દેવતાની મૂર્તિ ઓ અમે મંદિરમાં રાખીએ છીએ, એ સ્વરૂપને આખા જગતમાં શોધવા માટે સૌ ભમે છે, અને સૌને પ્રશ્નાર્થ છે, કે મંદિરમાં તું ક્યાં છુપાયો!! શોધે બાળ અધીરા રે, અમે તો તારા બાળકો છીએ, તો અમારી દ્રષ્ટિમાં કદાચ મંદિરનું અને દેવનું આ રુપ અમને દેખાય નહીં, તો અમે અધીરા થઇ જઈએ છીએ. તો આપણે સૌ પણ ઈશ્વરનાં આવાં સ્વરૂપને વંદન કરી, અને રૂપાળા વૈશ્વિક મંદિરની મનમાં સ્થાપના કરી, તેમને વંદન કરી આ જગતને કવિએ જેવું આલેખ્યું છે, તેવું નિર્મળ અને સ્વચ્છ બનાવીએ, તેવી એક અનન્ય પ્રાર્થના સાથે, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહવંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

હાદસો કા શહેર રાજકોટમાં એક હત્યાનો ભેદ ખુલ્યો ત્યાં બીજી હત્યા થઇ ગઇ

# બ્યુટી પાર્લર સંચાલીકાની ઘાતકી હત્યા

## પંચાવન વર્ષિય મહિલાથી પતિ-પુત્ર અલગ રહે છેઃ દિકરો ઘરે આટો મારવા આવ્યો ત્યારે માતાની લાશ જોઇઃ કાલાવડ રોડ મટુકી રેસ્ટોરન્ટ પાછળ બનાવઃ યુનિવર્સિટી પોલીસ, ડીસીબી, એલસીબીની ટીમોએ ભેદ ઉકેલવા મથામણ શરૂ કરી

રાજકોટ, તા.૧,૭

હાદસો કા શહેર રાજકોટ શહેરમાં વધુ એક હત્યા થઇ ગઇ છે. રેલનગરમાં બાંધકામની સાઇટ પર થયેલી હત્યાની ઘટનાનો ભેદ ઉકેલી પોલીસે રાહત અનુભવી અને આરોપીઓ પણ પકડાઇ જતાં હાશકારો મેળવ્યો ત્યાં જ ઝોન-૨ વિસ્તારના કાલાવડ રોડ પર મોટા મવા વિસ્તારમાં વધુ એક હત્યા થઇ ગઇ છે. અહિ મટુકી રેસ્ટોરન્ટ પાછળ બાપા સિતારામ નગરમાં એકલી રહેતી અને બ્યુટી પાર્લરનું કામ કરતી મહિલાની તેના જ ઘરમાં ક્રુર હત્યા કરાયલી લાશ મળી આવતાં ભેદ ઉકેલવા પોલીસની ટીમો ઉંધા માથે થઇ છે.

વિગતો પર નજર કરીએ તો કાલાવડ રોડ પર મટુકી રેસ્ટોરન્ટ પાછળ મોટા મવામાં બાપા સિતારામ સોસાયટીમાં એકલા રહેતાં બ્યુટી પાર્લર સંચાલીકા મહિલાની તેમના ઘરમાં જ ક્રુર અને ભેદી હત્યા થઇ જતાં ચકચાર મચી ગઇ છે. હત્યાનો ભેદ ઉકેલવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ મહિલાના પુત્ર, પતિ સહિત પાસેથી પોલીસ વિગતો મેળવવા તેની પુછતાછ હાથ ધરી હતી. કાલાવડ રોડ પર મટુકી રેસ્ટોરન્ટ પાછળ મોટા મવા વિસ્તારની બાપા સિતારામ સોસાયટીમાં આવેલા મકાનમાં રહેતાં અને બ્યુટી પાર્લર ચલાવતાં ગીતાબેન કિશોરભાઇ વાજા નામના પંચાવન વર્ષના મહિલાની તેના જ ઘરમાં હત્યા થયાની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર કે. કે. ગોહિલ, પીએસઆઇ એસ. એન. સ્યોરા, ડી. સ્ટાફ ટીમ તત્કાળ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

પોલીસે તપાસ કરતાં વિગતો સામે આવી હતી કે સવારે નવેક વાગ્યે મૃતક ગીતાબેનના દિકરા





આશિષભાઇ કિશોરભાઇ વાજા બહારથી માતા ગીતાબેનના ઘરે આવ્યા હતાં. આશિષભાઇ અને તેના પિતા કિશોરભાઇ બંને અલગ અલગ પોતાની રીતે રહે છે. જ્યારે ગીતાબેનના અન્ય એક પુત્ર જીતુભાઇ અમદાવાદ રહે છે. ગીતાબેન અહિ એકલા જ રહેતાં હતાં અને બ્યુટી પાર્લરનું કામ કરતાં હતાં. દિકરા આશિષભાઇ અને પતિ કિશોરભાઇ ક્યારેક ક્યારેક અહિ ગીતાબેનના ઘરે આટો મારતા રહે છે. આજે સવારે નવેક વાગ્યે દિકરા આશિષભાઇ ઘરે આવ્યા ત્યારે તેને માતા ગીતાબેનને લોહીલુહાણ હાલતમાં જોતાં અને તેણી બેભાન હોઇ તેણે ૧૦૮ને તથા પોલીસને જાણ કરી હતી.

પોલીસ અને ૧૦૮ની ટીમ એક સાથે જ પહોંચ્યા હતાં. ૧૦૮ના તબિબે ગીતાબેનને મૃત જાહેર કર્યા હતાં. પોલીસે એફએસએલની ટીમ બોલાવી ઘટના સ્થળે તપાસ કરાવી હતી. હત્યાની ઘટનાની જાણ થતાં ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇ, એસીપી આર. એસ. બારીયા, એલસીબી ઝોન-૨ પીએસઆઇ એસ. વી. ચુડાસમા, એએસઆઇ હરપાલસિંહ જાડેજા, જે. વી. ગોહિલ, રાજેશભાઇ, શક્તિસિંહ, યુનિવર્સિટી ડી. સ્ટાફ ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી. અલગ અલગ ટીમોએ અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી. આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કરવા તજવીજ આદરી હતી. હત્યાની ઘટનાની જાણ કરનાર ગીતાબેનના દિકરા આશીષભાઇની પોલીસે વિસ્તૃત પુછતાછ શરૂ કરી હતી.

તેણે પોતે ઘરે આવ્યો ત્યારે માતાને લોહીલુહાણ જોતાં તેણીને જગાડવાનો પ્રાયસ કરતાં માતા બેભાન જણાતાં તુરત પોલીસને ૧૦૮ને જાણ કરી હોવાનુ રટણ કર્યુ હતું. આ દિકરો અલગ રહે છે અને ક્યારેક ક્યારેક અહિ આવ જા કરે છે. જો કે આજે તે આવ્યો ત્યારે જ આ ઘટના બની હોઇ પોલીસે તેની વિસ્તૃત પુછપરછ શરૂ કરી હતી. હત્યાની આ ઘટનાએ અનેક ભેદભરમ સર્જી દીધા છે. પોલીસ અલગ અલગ ટીમો દ્વારા અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી. ડોગ સ્ક્વોડની ટીમની પણ તપાસમાં મદદ લેવામાં આવી હતી.

# સામુ જોયુ એમાં છરીના ઘા ઝીંકી મારી નાંખવાનો પ્રયાસ

## જંગલેશ્વરની ઘટનાઃ આરોપીને ભક્તિનગર પોલીસે પકડી લીધો

રાજકોટ, તા.૧,૭

શાંત શહેરમાં લોકો ગમે ત્યારે ઉકળી ઉઠી ગંભીર ગુનાને અંજામ આપી દેતાં હોય છે. હત્યાની કોશિષનો વધુ એક બનાવ બન્યો હતો. જેમાં સામુ જોવા જેવી વાતે લોહી રેડાયુ હતું.

વિગતો અનુસાર જંગલેશ્વર શેરી નં. ૧૪માં રહેતાં મુળ યુપી અલીગઢના ચોવીસ વર્ષના ઝુબેર અબ્દુલરજાકભાઇ સૈયદને ઘર પાસે હતો ત્યારે જંગલેશ્વરમાં રાધાકૃષ્ણનગર-૧૦માં રહેતાં સોહિલ ઉર્ફે સોહીલો અજીતભાઇ હીંગોરાએ ઝઘડો કરી ગુપ્તાંગની ઉપરના ભાગે, ડાબા પગમાં જમણી બાજુએ સાથળમાં છરીના ઘા મારી દેતાં દેકારો મચી જતાં લોકો ભેગા થઇ જતાં હુમલાખોર ભાગી ગયો હતો. ઝુબેરને ગંભીર ઇજા સાથે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસે ગંભીર ઇજાગ્રસ્ત ઝુબેરના વતનના અને રાધાકૃષ્ણનગર-૧૦માં રહેતાં નઇમ મુન્નેખાન સૈયદની ફરિયાદ પરથી સોહિલ ઉર્ફે સોહીલો હીંગોરા સામે હત્યાની કોશિષનો ગુનો નોંધી ધરપકડ કરી લીધી હતી



આ બનાવમાં નઇમે જણાવ્યું હતું કે ઝુબેર અને હું અલીગઢ યુપીના વતની છીએ. ઝુબેર અહિ ચાર વર્ષથી રહે છે અને બફકામ કરે છે. હું અને ઝુબેર શેરીમાં વાતો કરતાં હતાં પછી હું જમવા માટે ઘરે જતો હતો ત્યારે ઝુબેરે પોતાને જમવું નથી કહી બહાર જ હતો. ત્યારબાદ શેરીમાં દેકારો થતાં મારા પત્નિ રૂબીનાએ તપાસ કરતાં ઝુબેર અને સોહિલા વચ્ચે માથાકુટ થતી હોવાનું જણાતાં હું ત્યાં દોડી ગયો હતો. ત્યારે સોહિલના હાથમાં છરી જોવા મળી હતી. તેણે ઝુબેરને ઘા મારી દીધા હતાં.

મેં તેને શા માટે ઝઘડો થયો પુછતાં સોહિલે આ ઝુબેર મારી સામે જોતો હતો એટલે માથાકુટ થઇ છે તેમ કહ્યુ હતું. હુમલા બાદ લોહીલુહાણ હાલતમાં પડેલા ઝુબેરને તાત્કાલિક ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. છરીનો ઘા એટલો ડો હતો કે ઝુબેરનું આંતરડું શરીરની બહાર આવી ગયું હતું. હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં દર્દીની ગંભીર હાલત જોઈ તબીબોએ તાત્કાલિક ઓપરેશન હાથ ધર્યુ હતું. હાલ ઝુબેર ઓપરેશન બાદ બેભાન અવસ્થામાં સારવાર હેઠળ છે. પીઆઇ જે. ડી. પરમાર, એએસઆઇ નિલેષભાઇ મકવાણા, હેડકોન્સ. તોરલબેન જોષીએ ગુનો નોંધી આરોપીને દબોચી લીધો હતો.

અલગ અલગ તુક્કાઓ અજમાવી છેતરી લેવાના બનાવોની હારમાળાઃ પોલીસની દોડધામ

# સાયબર ગઠીયાઓએ આચર્યા ૫ ફ્રોડ

## બેંક કર્મચારીની ઓળખ આપી ક્રેડીટ કાર્ડ સહિતના બહાને ફ્રોડ કર્યુઃ ગોંડલ સીટી, મેટાડા જીઆઇડીસી, પડધરી અને શાપર પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવાઇઃ વિંછીયામાં ઇલેક્ટ્રીકના વેપારીને દોઢ લાખનો ચૂનો

રાજકોટ, તા.૧૭

શહેર જીલ્લામાં સાયબર ગઠીયાઓ સતત જાળ બીછાવી લોકોને અલગ અલગ રીતે છેતરતા રહે છે. આ વચ્ચે રાજકોટ જિલ્લામાં ઓન લાઇન સાયબર ફ્રોડના બનાવોની હારમાળમા સર્જાઇ ગઇ હતી. જેમાં ગોંડલમાં વેપારી અને મેટોડા જીઆઇડીસીમાં રહેતી યુવતીને બેંક કર્મચારીની ઓળખ આપી સાયબર ગઠીયાએ ૩.૪૫ લાખ તેમજ પડધરીના અને શાપરના આધેડના ખાતામાંથી ફોન હેક કરીને કે ગમે તે રીતે ગઠીયાઓએ ૧.૩૦ લાખ જેટલી રકમ ટ્રાન્સફર કરી ઠગાઇ કરતા ગોંડલ સીટી, મેટોડા જીઆઇડીસી, પડધરી અને શાપર પોલીસ મથકમાં ચાર ફરીયાદ નોંધાતા તપાસ શરૂ કરવામાં આવી હતી.

પ્રથમ ફ્રોડની ઘટના જોઇએ તો ગોંડલના પેલેસ રોડ પર રાધા કૃષ્ણનગરમાં રહેતાં વેપારી સુનીલભાઇ બાલુભાઇ લાલવાણી નામના ઓગણપચાસ વર્ષના આધેડને અજાણ્યા સાયબર ગઠીયાઓએ વોટસએપ પર કોલ કરી બેંકના કસ્ટમર કેરના અધિકારી તરીકે ઓળખ આપી તેના હેલ્થ ઇન્સ્યુરન્સ ચાલુ હોય તે ચાલુ રાખવા ત્રણ મહિને ૫૪૦૦ રૂપિયા ચાર્જ લાગશે તેમ કહી પ્લાન બંધ કરાવવા બેંકની એપ પર લોગીન કરાવવા કહ્યું હતું. બાદમાં બેંકની ફ્રેઇક એ.પી. કે. ફાઇલ મોકલી તેમાં કેવાયસી પ્રોસેસ કરાવી ત્રણ અલગ-અલગ ક્રેડીટ કાર્ડમાંથી




ટ્રાન્જેકશન કરી રૂા. ૨.૪૫ લાખની ઓનલાઇન ઠગાઇ કર્યાની ગોંડલ સીટી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતાં તપાસ શરૂ થઇ હતી.

બીજી ઘટના જોઇએ તો મેટોડા જીઆઇડીસી ગેઇટ નં. ૨ પાસે ભાડેથી રહેતા મુળ ચુડાના ભુગુપુરના છાયાબેન બળદેવભાઇ કણઝારીયા નામના ચોવીસ વર્ષન યુવાનને ફોન કરી બેંક કર્મચારીની ઓળખ આપી સાયબર ગઠીયાએ તમને તમારો એકાઉન્ટમાં રહેલ રૂપિયાનું વ્યાજ મળેલ છે. કહી ગુગલ-પે એપ પર ૩૫૯૯૭ કુપન મોકલયુ હતું. તેમા પાસવર્ડ નાખી પે કરવાનું કહેતા છાયાબેન તે પ્રમાણે કરતા ગઠીયાએ તેના એકાઉન્ટમાંથી રૂા. ૧,૦૦,૭૭૯ ઉપાડી લઇ છેતરપીંડી કરતા મેટોડા જીઆઇડીસી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઇ છે.

જ્યારે ફ્રોડની ત્રીજી ઘટના જોઇએ તો બનાવમાં પડધરીના ખામટા ગામે રહેતા પચાસ ગામના મચ્છાભાઇ લાખાભાઇ સાનીયાનો મોબાઇલમાં સોશિયલ મિડીયાના માધ્યમથી કે કોઇ ફ્રોડ હાઇડ એપ્લીકેશન દ્વારા ફોન હેક કરી અજાણ્યા સાયબર ગઠીયાએ અલગ-અલગ ટ્રાન્ઝેકશન કરી રૂા. ૬૬,૯૯૮ ઉપાડી લીધાની પડધરી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવાઇ હતી. આ ઉપરાંત ચોથા બનાવમાં શાપરમાં દરબારગઢ પાછળ અંજનેય વિલા સોસાયટીમાં રહેતાં દિનેશભાઇ પ્રવિણભાઇ જોષી નામના છેતાલીસ વર્ષના આધેડને અજાણ્યા ફોન નંબર ધારકે કોલ કરી આઇસીઆઇસીઆઇ બેંકના અધિકારી હોવાની ખોટી ઓળખ આપી હતી.

તયારબાદ ક્રેડીટ કાર્ડ લીમીટ વધારવા બાબતે વાત કરી વોટસ-એપમાં એપ્લીકેશન મોકલી હતી. જેના આધારે ફોન હેક કરી ક્રેડીટ કાર્ડમાંથી અલગ-અલગ ટ્રાન્ઝેકશનથી રૂા. ૬૩,૩૭૦ ઉપાડી લઇ ઠગાઇ કર્યાની શાપર પોલીસ મથકમાં ફરીયાદ દાખલ થતાં તપાસ શરૂ કરાઇ હતી. આમ ચાર સાયબર ફ્રોડના બનાવો નોંધાતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

છેતરપીંડીના અન્ય એક બનાવમાં જસદણના વિંછીયામાં હાર્ડવેરના વેપારી પાસેથી ઇલેક્ટ્રીકનો સામાન ઉધારીમાં લઇ ગયા બાદ પૈસા નહી આપી અમદાવાદના શખ્સે ૧.૪૭ લાખની ઠગાઇ કર્યાની વિંછીયા પોલીસે ગુનો નોંધ્યો હતો. આ મામલે વિછીંયાના શિવાજીપરમાં રહેતા અને સંતોષ ઇલેક્ટ્રીક એન્ડ હાર્ડ વે નામે દુકાન ચલાવતા સંતોષભાઇ ઉર્ફે સેંગી પ્રવિણભાઇ બાવળીયાએ અમદાવાદના અનીલ નામના શખ્સ ૫ સામે વિછીંયા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યુ કે આરોપી અનીલે તેમ વિછીંયામાં કાપડની દુકાનમાં ઇલેક્ટ્રીક સામાન જોઇએ છે. કહી વિશ્વાસમાં લઇ રૂા.૧.૪૭ લાખનો ઇલેક્ટ્રીકનો સામાન ઉધારમાં લઇ જઇ પૈસા નહિં આપી છેતરપીંડી કરી હતી.

એક પછી એક સતત અવિરતપણ ગઠીયાઓ ઓનાલઇન આચરી રહ્યા છે ફ્રોડ

# વેડીંગ કાર્ડ, OTP, ટાસ્કના નામે ત્રણને લાખોનો ચૂનો

## ચબરાક ઠગોએ ત્રણેય કિસ્સામાં કુલ મળી સાત લાખ અડસઠ હજાર ઉસેડી લીધા : બીજી તરફ શેર બજારમાં રોકાણ પર નફાના નામે દોઢ કરોડની ઠગાઈમાં બે ગઠીયા ઝડપાઈ ગયા

રાજકોટ તા. ૧૭

સાયબર ફ્રોડ નામ સાંભળતા જ લોકો ગભરાઇ જાય છે. લોકો આવા ફ્રોડ સામે થોડાઘણા સજાગ થયા છે. પરંતુ સાયબર ગઠીયા એવા ચબરાક છે કે ગમે તેમ કરીને લોકોને ફસાવી જ લે છે અને તેના નાણા પોતાના ગજવામાં લઇ લે છે. આવા વધુ નવા ત્રણ બનાવ બન્યા હતાં. જેમાં એક કિસ્સામાં વેડીંગ ઇન્વીટેશનના નામે ફાઇલ ઠગાઇ કરવામાં આવી હતી. આ ઠગાઇમાં ગઠીયાઓને કુલ સાત લાખ અડસઠ હજારનો લાભ થયો હતો. લગ્ન નિમંત્રણની એપીકે ફાઇલ, ઓટીપી દ્વારા ઠગાઇ, ફોન હેક કરીને અને પાર્ટટાઇમ જોબના નામે આ છેતરપીંડી કરવામાં આવી હતી.

વિગતો જોઇએ તો વડોદરામાં સુભાનપુરાના ચેતનકુમાર સોનીના બેંક ખાતામાંથી ઓટીપી દ્વારા ચાર લાખ સત્તર ઉપડી ગયા. કિલ્લોલભાઈના મિત્રનો ફોન હેક થતાં વેડિંગ ઇન્વિટેશનની એપીકે ફાઇલ પર કિલક કરવાથી ખાતામાંથી પૈસા ઉપડી ગયા હતાં. જેમાં માણેજાના ઠાકોરભાઈ ભાઈલાલભાઈના ખાતામાંથી અઢી લાખ ઉપડી ગયા. ન્યુ વીઆઇપી રોડના સૌરભ તેલીને પાર્ટ ટાઇમ જોબના નામે એક લાખની ડિપોઝીટ કરાવી ઠગાઈ થઈ. કુલ ૭.૬૮ લાખની છેતરપિંડી થઈ હતી. વડોદરા શહેરમાં ઓનલાઇન ઠગાઇના એક પછી એક કિસ્સા ચાલુ જ રહ્યા છે. ઠગોની જુદી જુદી તરકીબોમાં વધુ ત્રણ શહેરીજને કુલ રૂપિયા ૭.૬૮ લાખ ગુમાવતાં પોલીસ ફરિયાદ નોંધાઇ હતી. સુભાનપુરાની હિરાપન્ના સોસાયટીમાં રહેતા અને સોના-ચાંદીના દાગીનાનો વ્યવસાય કરતા ચેતનકુમાર સોનીને ગે ઓટીપી મળતાં તેમણે તપાસ કરી તો બેન્કમાંથી કુલ રૂપિયા ૪.૧૭ લાખ ઉપડી ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

વધુ વિગત મુજબ કિલ્લોલભાઇ નામના મિત્રનો મોબાઇલ હેક થયો હતો અને તેમાંથી વેડિંગ ઇન્વિટેશનની એપીકે ફાઇલ પર ક્લિક કરી હતી અને ત્યારબાદ તેમના ખાતામાંથી રકમ ઉપડી જતાં સાયબર સેલને જાણ કરીછે. જ્યારે માણેજાના ભાથુજી ફળિયામાં રહેતા ઠાકોરભાઇ ભાઇલાલભાઇને કારના ઇએમઆઇ પર પેનલ્ટી લાગતાં તેમણે બેન્ક ખાતાનું સ્ટેટમેન્ટ ચેક કર્યું હતું.જેમાં તેમના ખાતામાંથી તેમની જાણ બહાર ચાર ટ્રાન્જેક્શન કરીને કોઇઅ બે લાખ એકાવન હજાર ટ્રાન્સફર કર્યાનું જણાઇ આવ્યું હતું. જ્યારે અન્ય કિસ્સામાં ન્યુ વીઆઇપી રોડના અમરનગરમાં રહેતો સૌરભ તેલી મોબાઇલ પર રીલ




જોતો હતો ત્યારે પાર્ટ ટાઇમ જોબની લિન્ક આવતાં તેણે ક્લિક કરી તો વોટ્સએપ ખૂલ્યું હતું.

આ પછી સામેની વ્યક્તિએ રોજ ત્રણથી દસ હજાર કમાઇ શકો છો તેમ કહી મિન્ત્રા ડિઝાઇન પ્રા.લિ.ના ઓર્ડર તપાસવાના ટાસ્કમાં ચાલીસ ટકા સુધી કમિશન મળશે તેવી સ્કીમ સમજાવી હતી.યુવકે રજિસ્ટ્રેશન કરતાં એક એકાઉન્ટ ખોલવામાં આવ્યું હતું.જેમાં યુવક પાસે ડિપોઝિટના રૂપિયા ભરાવીને ટાસ્ક આપવાથી બેલેન્સ દેખાતું હતું. રૂપિયા એક લાખની ડિપોઝિટ સામે એક લાખ ત્રેપન હજાર બેલેન્સ થવા છતાં ઠગો રકમ આપતા નહતા અને ફ ના નામે વધુ રકમ માગતા હોવાથી યુવકને ફ્રોડ થયાની ખબર પડી હતી. આમ વધુ ત્રણ અલગ અલગ કિસ્સામાં લોકોએ ફુલ નહિ તો ફુલની પાંદડી મુજબ સાયબર ફ્રોડમાં રકમ ગુમાવી દીધી હતી.

બીજી તરફ વલસાડ સાયબર ક્રાઇમ પોલીસે શેરબજારમાં વધુ નફાની લાલચ આપી રૂ. ૧.૪૬ કરોડની છેતરપિંડી કરનાર ગેંગના બે સાગરીતોને ડીસાથી ઝડપી પાડ્યા હતા. આરોપીઓમાં મેહુલ કછુઆ અને ભાર્ગવ સોલંકીનો સમાવેશ થાય છે, જેઓ બનાસકાંઠાના માલગઢના રહેવાસી છે.ભોગ બનનારને વેલ્ધી વિઝન વીઆઇપી સર્કલ નામના નામના વોટ્સએપ ગ્રુપમાં એડ કરી આરોપીઓએ વેલ્ધી ઇન બ્રોકીંગ પ્રા.લિમીટેડ નામની બનાવટી કંપની ભી કરીને તેમનો વિશ્વાસ જીત્યો હતો.

તેમને શેરબજારમાં ઇન્સ્ટિટયૂશનલ ટ્રેડિંગ દ્વારા બલ્કમાં શેરની લે-વેચ કરીને મોટો નફો કમાવી આપવાની લાલચ આપવામાં આવી હતી. આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂ. ૧,૪૬,૭૫,૦૦૦ અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવ્યા હતા. એપ્લિકેશનમાં ખોટો નફો બતાવવામાં આવ્યો હતો, પરંતુ જ્યારે ફરિયાદીએ તે રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે ૧૫ ટકા કમિશનની માંગણી કરાઈ હતી. આનાથી ફરિયાદીને છેતરપિંડીનો અહેસાસ થયો અને તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ ગુનામાં અગાઉ મુખ્ય ખાતાધારક નરેન્દ્ર માળીની ધરપકડ કરાઈ હતી. તેની પૂછપરછમાં અન્ય સાગરીતોના નામ સામે આવ્યા હતા. વલસાડ સાયબર ક્રાઇમના ભ્લ્ત્ ડી.એસ. પટેલ અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સ, સોશિયલ મીડિયા એનાલિસિસ અને બાતમીદારોની મદદથી તપાસ શરૂ કરી હતી. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, આરોપીઓ ભાદરવા બીજ ઉજવવા તેમના ઘરે માલગઢ આવવાના છે. આ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવીને મેહુલ કછુઆ અને ભાર્ગવ સોલંકીને ઝડપી લીધા હતા. તપાસમાં આરોપી મેહુલ કછુઆના બેંક ખાતામાંથી રૂ. ૧૮.૭૦ લાખના છેતરપિંડીના વ્યવહારો મળી આવ્યા છે. વલસાડ સાયબર ક્રાઇમ ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને ૧૯૩૦ હેલ્પલાઇન દ્વારા ફરિયાદીના રૂ. ૫૩,૯૭,૭૯૭ પરત અપાવવામાં સફળતા મેળવી છે. સાયબર પોલીસે લોકોને અપીલ કરી છે કે વોટ્સએપ, ટેલિગ્રામ કે સોશિયલ મીડિયા પર મળતી ગેરેંટેડ રીટર્ન, વીઆઇપી ટ્રેડીંગ જેવી લાલચથી દૂર રહે. કોઈપણ અજાણી વ્યક્તિના કહેવાથી ટ્રેડિંગ એપ ડાઉનલોડ ન કરવી અને રોકાણ કરતા પહેલાં સેબી રજિસ્ટ્રેશન ચકાસવું. જો કોઈ વ્યક્તિ સાયબર ફ્રોડનો ભોગ બને, તો તાત્કાલિક ૧૯૩૦ પર કોલ કરવો જરૂરી છે.

### હું એક્સીસ બેંકમાંથી બોલુ છું, તમારો સિબીલ સારો છે, તમારા રિવોર્ડ જમા છે તેના નવ હજાર મળશે...તેવુ કહી લલચાવ્યા

# દંપતિને હજારની લાલચ આપી લાખો ઉસેડ્યા

## બેંકના નામે ગઠીયાએ એપીકે ફાઇલ મોકલી ડાઉનલોડ કરાવી ખાતામાંથી નાણા ઉસેડી લીધા

રાજકોટ, તા. ૧૭

સાયબર ગઠીયાઓ એક પણ દિવસ કોઇને છેતર્યા વગર કોરો જવા દેતાં નથી. આવી ઠગાઇ રોજબરોજ થઇ રહી છે. હજારોથી માંડી લાખો અને ક્યારેક કરોડ ઉપર પણ ગઠીયાઓ ઓનલાઇન ફ્રોડથી ઉસેડી જવામાં સફળ થઇ રહ્યા છે. લોકોમાં સાયબર ક્રાઇમ પ્રત્યે જાગૃકતા આવી છે એ સાચુ પણ ગઠીયાઓ એટલા આગળ રહે છે કે લોકો હજુ એકાદ ફ્રોડ વિશે સમજે વિચારે અને સજાગ બને ત્યાં ગઠીયાઓ નવા જ તુક્કા લઇ આવે છે અને છેતરી જાય છે. તો ઘણીવાર લોકો જાણતાં હોવા છતાં લાલચમાં આવીને નાણા ગુમાવે છે. વધુ એક ઠગાઇ થઇ છે જેમાં એક બનાવમાં દંપતિ ક્રેડીટ કાર્ડ રિવોર્ડ લેવા જતાં નાણા ગુમાવી દધા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના અમરાઈવાડીમાં એક પરિવારને ક્રેડિટ કાર્ડના નવ હજાર પાંચસો રિવોર્ડ પોઈન્ટ્સ રોકડમાં રિડીમ કરવાની લાલચ આપી સાયબર ગઠિયાએ છેતરપિંડી આચરી છે. વોટ્સએપ પર નકલી એપીકે ફાઈલ મોકલી મોબાઈલ હેક કરી, દંપતીના બે ક્રેડિટ કાર્ડમાંથી કુલ એક લાખ નેવ્યાસી હજાર રૂપિયા ઉપાડી લીધા હતા. રામોલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર અમરાઈવાડી વિસ્તારમાં રહેતા પરિવારને ક્રેડિટ કાર્ડના રૂપિયા ૯,૫૦૦ના રિવોર્ડ પોઈન્ટ્સ રોકડમાં રિડીમ કરાવવાની લાલચ આપી સાયબર ગઠિયાએ વોટ્સએપ મારફતે બનાવટી ખ્ભ્દ ફાઈલ મોકલી મોબાઈલ હેક કરી લીધો હતો.

ત્યારબાદ ગઠિયાએ વાતચીત ચાલુ રાખીને જ તેમના બે અલગ-અલગ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧.૮૯ લાખની રકમ ઉપાડી લઈને છેતરપિંડી આચરી હતી. અમરાઈવાડી ખાતે જયયોગેશ્વર રો-હાઉસમાં રહેતા અને ઘરકામ કરતા સરોજબેન પટેલ કે જેઓ છેતાલીસ વર્ષના છે તેમના પતિ તુષારકુમાર પટેલ રખિયાલ ખાતે ખાનગી પ્લાસ્ટિક કંપનીમાં નોકરી કરે છે. સાંજના છ વાગ્યા આસપાસ તુષારભાઈ નોકરી પર હાજર હતા ત્યારે તેમના નંબર પર અજાણ્યા નંબર પરથી




કોલ આવ્યો હતો. કોલ કરનારે હિન્દીમાં વાત કરી પોતે એક્સિસ બેંકમાંથી કરણભાઈ બોલે છે તેવી ઓળખ આપી હતી. તેણે તુષારભાઈને વિશ્વાસમાં લેતાં જણાવ્યું હતું કે તમારો સિબિલ સ્કોર સારો છે અને ક્રેડિટ કાર્ડમાં ૧૨,૫૯૮ રિવોર્ડ પોઈન્ટ્સ જમા છે, જેના બદલામાં તમને રોકડા રૂપિયા ૯,૫૦૦ મળી શકે તેમ છે. આ સાંભળી તુષારભાઈએ ફોન કરનારને પોતે આમાં રસ ધરાવે છે તેવુ કહેતા જ રિવોર્ડ પોઈન્ટ્સ મેળવવા માટે ગઠિયાએ તુષારભાઈના વોટ્સએપ પર એક લિંક મોકલી હતી અને એક્સિસ બેંકની એપ્લિકેશન ડાઉનલોડ કરવા કહ્યું હતું. તુષારભાઈએ વોટ્સએપ પર આવેલી એપીકે ફાઈલ ડાઉનલોડ કરીને ફોનમાં ઈન્સ્ટોલ કરતાં જ તેમનો વનપ્લસ કંપનીનો ફોન હેક થઈ ગયો હતો. ત્યારબાદ તરત જ અન્ય અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો.

વાતચીત ચાલુ હતી તે દરમિયાન જ તેમની પત્નિના એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા ૮૦ હજાર અને રૂપિયા ૬૦ હજાર મળી કુલ રૂપિયા એક લાખ ચાલીસ ડેબિટ થયાનો મેસેજ આવ્યો હતો. તુષારભાઈએ પૈસા કેમ કપાયા તે અંગે પૂછતાં સામેવાળાએ થોડીવારમાં પૈસા પાછા આવી જશે તેમ કહી તેમને વાતોમાં પરોવી રાખ્યા હતા. આ દરમિયાન તેમના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ક્રેડિટ કાર્ડમાંથી પણ વધુ રૂપિયા ૪૯,૯૯૮ ડેબિટ થઈ ગયા હતા. તુષારભાઈએ પોલીસ ફરિયાદ કરવાની ચેતવણી આપતાં જ સાયબર ઠગે કોલ કટ કરી દીધો હતો. આ સમગ્ર મામલે દંપતીએ સૌપ્રથમ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર અરજી કર્યા બાદ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવતાં પોલીસે સાયબર ગઠીયાઓને શોધવા તપાસ શરૂ કરી હતી.

આમ માત્ર થોડા અમથા નાણા કમાઇ લેવાની લ્હાયમાં દંપતિએ પોણા બે લાખથી વધુની રકમ ગુમાવી દીધી હતી. અહિ રકમ કેટલી ગઇ એ મહત્વનું નથી પણ રકમ કઇ રીતે નવા તુક્કાથી ગઠીયા લઇ ગયા તે જાણવું અને તેનાથી ચેતી જવું જરૂરી છે. આવી ઠગાઇ રોજ થતી રહે છે. લોકો જરા પણ આ રીતે લાલચમાં આવશે કે તરત જ સાયબર ગઠીયા તેને પોતાની જાળમાં ફસાવી નાણા ઉસેડી લેવામાં સફળ થઇ જશે. આ ઘટના તેનો પુરાવો આપી રહી છે.

---

### લક્ષ્મીવાડીમાં થયેલી ચેઇનની ચિલઝડપનો ભક્તિનગર પોલીસે ભેદ ઉકેલ્યો

# રીઢા શખ્સ લખને સાગ્રીત સાથે મળી ચીલઝડપ કર્યાનું ખુલ્યું

## પોલીસે ચોરાઉ ચેઇન ખરીદનારા સોની વેપારીને પણ પકડી ઢાળીયો કબ્જે કર્યો

રાજકોટ તા. ૧૭

શહેરના લક્ષ્મીવાડી મેઇન રોડ પર મહિલાના ગળામાંથી સોનાના ચેઇનની ચીલઝડપ કરવામાં આવી હતી. આ ગુનાનો ભેદ ભક્તિનગર પોલીસે ઉકેલી ત્રણ શખ્સોને પકડી લઇ રૂા. ૭૪૮૦૦નો સોનાનો ઢાળીયો, ૫૦ હજારનું ટુવ્હીલર કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી. લક્ષ્મીવાડીમાં રહેતાં મહિલા ગત તા. ૭/૯ના રોજ ત્રણ વર્ષના દિકરા સાથે રાતે સાડા દસેક વાગ્યે ચાલીને ઘર નજીક જતાં હતાં ત્યારે ડબલસવારીમાં આવેલા બે શખ્સ ચેઇન ખેંચી ભાગી ગયા હતાં. આ ગુનો હેડકોન્સ. મયુરદાન બાટી, કોન્સ. રવીભાઇ રત્નુ, યોગીરાજસિંહ જાડેજા અને પ્રકાશભાઇ મકવાણાની બાતમી પરથી ઉકેલાયો છે. પોલીસે લખન બચુભાઇ માલાણી (રહે. ચુનરાવાડ-૧/૧૪), વિશાલ કીશનભાઇ સોલંકી (રહે. ચુનારાવાડ-૧)ને પકડી લઇ તેની પાસેથી ચોરાઉ ચેઇન સસ્તામાં ખરીદનારા વેપારી રમેશ વીરચંદભાઇ પાટડીયા (રહે. પલંગ ચોક)ને પણ પકડી લઇ કુલ રૂા. ૧,૨૪,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



વધુ માહિતી અનુસાર ગુનો ડીટેક્ટ કરવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે જીલ્લા ગાર્ડન બગીચા અંદર વોંકળાની દિવાલ પાસે બે શંકાસ્પદ શખ્સ ઉભા છે. જેમાંથી એક ચુનારાવાડનો અગાઉ ચોરીઓમાં પકડાયેલો લખન છે. આ બંનેએ ચીલઝડપ કરી છે. તેના આધારે બંનેને પકડી લીધા હતાં. ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પીઆઇ જે. ડી. પરમારની રાહબરીમાં પીએસઆઇ એસ. એચ. ગોહિલ, એએસઆઇ કુલદીપસિંહ ચુડાસમા, હેડકોન્સ. મયુરદાન બાટી, હરવિજયસિંહ ગોહિલ, કેતનભાઇ બોરીચા, રમેશભાઇ માલકીયા, કોન્સ. પ્રભાતભાઇ મૈયડ, પ્રકાશભાઇ મકવાણા, રવિભાઇ રત્નુ, યુવરાજસિંહ જાદવ, યોગીરાજસિંહ જાડેજા, નરસંગભાઇ ગઢવીએ આ કામગીરી કરી હતી. પોલીસના કહેવા મુજબ સુત્રધાર લખન અગાઉ અનેક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હતો. તેની પાસેથી સોની વેપારીએ ચીલઝડપ કરેલો ચેઇન ખરીદી ઓગાળી નાંખ્યો હોઇ પોલીસે ઢાળીયો કબ્જે કરી વિશેષ તપાસ યથાવત રાખી હતી.

---

# કારચાલકે બાઇકને ઉલાળ્યું કારવાળો છરી સાથે ઝડપાયો

## અયોધ્યા ચોકની ઘટનાઃ ગાંધીગ્રામ પોલીસે ચાલક સામે કરી કાર્યવાહી

રાજકોટ તા. ૧૭

શહેરમાં અવાર-નવાર પીધેલા વાહન ચાલકો અકસ્માત સર્જી માથાકુટ કરતાં હોય છે. આવી જ એક ઘટના શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર અયોધ્યા ચોક નજીક દારૂના નશામાં ધૂત એક કારચાલકે પુરઝડપે વાહન ચલાવી બાઇકને ઠોકરે લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઇકચાલક અને તેના બનેવીને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ રોફ જમાવી ડરાવવાનો પ્રયાસ કરનાર કારચાલક પાસેથી તીક્ષ્ણ છરી પણ મળી આવી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ગાંધીગ્રામ પોલીસે કારચાલકની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



વિગતો અનુસાર જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ખાખરા ગામે રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા ૨૦ વર્ષીય ભીખાભાઈ ભયાભાઈ શિયાર પોતાના બનેવી વાસુભાઈ બટુકભાઈ રાતડીયા સાથે બાઇક જીજે૧૦ઈએલ-૦૭૬૨૫૫ર રેલનગરથી ખોખરદડ ગામ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ અયોધ્યા ચોક પાસે પહોંચતા જ સામેથી ખોટી સાઈડમાંથી આવી રહેલી એક કાળા કલરની આઈ-૨૦ ગ્રાન્ડ કાર જીજે૦૮સીએસ-૦૦૭૭ના ચાલકે તેમની બાઇકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતને પગલે ભીખાભાઈ અને તેમના બનેવી વાસુભાઈ રસ્તા પર પટકાતા ભીખાભાઈને જમણા હાથની આંગળીઓમાં તથા પગના ગોઠણના ભાગે છોલછાલની ઈજાઓ થઈ હતી.

જ્યારે વાસુભાઈને કમરના ભાગે ગુમ ઈજા પહોંચી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઇકના આગળના વ્હીલ અને મોરાના ભાગને ભારે નુકસાન થયું હતું. અકસ્માત બાદ કાળા કલરની આઈ-૨૦ કારનો ચાલક નીચે ઉતર્યો હતો. જ્યારે ઈજાગ્રસ્ત વાસુભાઈએ તેને આવી રીતે કાર ન ચલાવાય તેમ કહી ટોક્યો, ત્યારે કારચાલકે પોતાના કમરના ભાગે હાથ નાખી મારાથી દૂર રહેજો કહી ધમકાવવાનો પ્રયાસ કર્યો હતો. આ જોઈ આસપાસના રાહદારીઓ એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ ૧૧૨ નંબર પર કરવામાં આવતા ગાંધીગ્રામ પોલીસનો કાફલો તુરંત સ્થળ પર દોડી આવ્યો હતો.

તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે કારના કાચ કાળા હતા અને આગળ-પાછળ નંબર પ્લેટ લગાવેલી નહોતી. પોલીસે કારની ડેકી તપાસતા અંદરથી નંબર પ્લેટ જીજે૦૮સીએસ-૦૦૭૭ મળી આવી હતી. ઉપરાંત, કારચાલકની તલાશી લેતા તેના કમરના ભાગેથી એક કાળા પ્લાસ્ટિકના હાથાવાળી તીક્ષ્ણ છરી મળી આવી હતી, જેને પોલીસે પંચોની હાજરીમાં જપ્ત કરી હતી. પોલીસ ટીમે કારચાલકની કસ્ટડી લઈ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશને લઇ ગઇ હતી ત્યારે પણ તે પોતાના શરીરનું સમતોલન પણ જાળવી શકતો નહોતો. કારચાલકે પોતાનું નામ શિવરાજસિંહ રાજેન્દ્રસિંહ પરમાર (ધંધો ખેતી, રહે. ગામ ગઢાદ, તા. મુળી, જી. સુરેન્દ્રનગર) હોવાનું જણાવ્યું હતું. ઈજાગ્રસ્ત ભીખાભાઈ શિયારને સારવાર અર્થે હોસ્પિટલમાં આવ્યા હતા. ગાંધીગ્રામ પીઆઇ એચ. પી. ગઢવીની રાહબરીમાં પીએસઆઇ એમ.એન. પીઠિયાએ કારચાલક વિરૂધ્ધ માનવ જિંદગી જોખમાય તે રીતે બેફિકરાઈથી વાહન ચલાવવા, અકસ્માત સર્જવા, દારૂબંધી ભંગ તથા હથિયારબંધીના નિયમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. બનાવને પગલે લોકો એકઠા થઇ ગયા હતાં અને ઘટનાના વિડીયો પણ વાયરલ થયા હતાં.

---

### અલગ અલગ કારણોસર પાંચ પરિવારના સ્વજનોની જિંદગીનો અંત

# સાપ પકડવાના જાણકારનું સાપ કરડવાથી મોત!

## ઢોલરા ગામની ઘટનાઃ બીજી ઘટનામાં યુવાને પૈસાના ટેન્શનમાં ઝેર પી જીવ દીધોઃ મહિલા, પ્રૌઢા, વૃધ્ધના બેભાન હાલતમાં મૃત્યુ

રાજકોટ તા. ૧,૭

અપમૃત્યુની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. પણ કાળનું તેડુ ક્યારે ક્યાં કેવી રીતે આવી જાય તેની કાળા માથાના માનવીને જાણ હોતી નથી. આવી વધુ પાંચ ઘટનાઓ બની હતી. જેમાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં. એક કિસ્સામાં સાપ પકડવાના જાણકાર એવા વૃધ્ધનું સાપના દંશથી જ મોત થઇ ગયું હતું. લોધીકાના ઢોલરા ગામે આ ઘટના બની હતી. બીજા બનાવમાં વાંકાનેરમાં એક યુવાને ઝેર પી લેતાં જીવ ગયો હતો. તે જીવીત હતો ત્યારે પત્નિને પોતે પૈસાના ટેન્શનમાં હોવાની વાત કરી હતી. અન્ય બનાવમાં બેભાન થઇ જતાં એક વૃધ્ધનું અને હૃદય રોગના હુમલાથી એક મહિલા તથા અન્ય એક પ્રૌઢના મૃત્યુ થયા હતાં.

પ્રથમ કરૂણ બનાવ જોઇએ તો લોધીકાના ઢોલરા ગામે સાપ પકડવાના જાણકાર વૃધ્ધનું ગામમાં સાપ નીકળ્યો હોઇ તેને પકડતી વખતે સર્પદંશથી મોત નિપજતાં પરિવારમાં અને ગામમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ વૃધ્ધએ અગાઉ પણ ગામમાં જ્યારે જ્યારે સાપ નીકળ્યા ત્યારે પકડીને સલામત સ્થળે છોડી મુક્યા હતાં. ગત સાંજે તેઓ ગામમાં દુધ લેવા નીકળ્યા ત્યારે કોઇએ સાપ નીકળ્યાની વાત કરતાં પકડવા જતાં આ ઘટના બની હતી.ઢોલરા ગામે રહેતાં સઇ સુથાર મહેશભાઇ જીવરાજભાઇ ધામેચા નામના છાંસઠ વર્ષના વૃધ્ધ સાંજે સાડા સાતેક વાગ્યે ગામમાં હતાં.

આ વખતે તેમને જમણા હાથ પર સાપે દંશ મારી દેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મોડી રાતે દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં શાપર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર મહેશભાઇ ચાર ભાઇ અને ત્રણ બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે દિકરા સાથે ફર્નિચર કામ કરતાં હતાં. સાંજે પિતા-પુત્ર કામેથી ઘરે આવ્યા બાદ તેઓ ગામમાં દૂધ લેવા ગયા હતાં.

દરમિયાન ગામમાં કોઇને ત્યાં સાપ નીકળ્યો હોઇ તે વખતે જ મહેશભાઇ પણ ત્યાં આવતાં તેમને જાણ કરવામાં આવતાં પોતે સાપ પકડવામાં માહેર હોઇ આ સાપને પકડવા ગયા ત્યારે સાપે જમણા હાથે દંશ મારી દીધો હતો. આ ઘટના બન્યા પછી તેમણે ઘરે આવીને કોઇને જાણ કરી નહોતી. જમીને સુઇ ગયા બાદ ઝેર ચડવા માંડતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દીધો હતો. બનાવને પગલે પરિવારજનોમાં અને ગામમાં ગમગીની છવાઇ ગઇ હતી.



બીજી ઘટના જોઇએ તો વાંકાનેરના હસનપર શક્તિપરામાં રહેતાં યુવાને ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. દવા પીધા બાદ પત્નિના ખોળામાં માથું રાખી પૈસાનું ટેન્શન છે એવુ બોલ્યો હતો. બેભાન હાલતમાં તેને સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હસનપર શક્તિપરામાં રહેતાં હરેશભાઇ હમીરભાઇ રોજાસરા નામના સત્યાવીસ વર્ષના યુવાને મંગળવારે સાંજે ચારેક વાગ્યે ઘરમાં કપાસની દવા પી લીધી હતી.

તેને ખુબજ પરસેવો વળવા માંડતા પત્નિ કેસરબેનને શંકા ઉપજી હતી. ફળીયામાં કપાસની દવા જેમાં રાખી હતી તે ડબલુ ખાલી દેતાં પતિએ દવા પી લીધાની શંકા ઉપજતાં તેની પૃછા કરતાં તેણે પત્નિના ખોળામાં માથુ રાખી દઇ પૈસાનું ટેન્શન છે એટલે દવા પી લીધી છે એવુ કહ્યું હતું.

આથી તુરત જ પત્નિ કેસરબેને બીજા પરિવારજનોને બોલાવ્યા હતાં. હરેશભાઇને વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ ગત રાતે મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર હરેશભાઇ ચાર ભાઇ અને એક બહેનમાં નાનો હતો. સંતાનમાં છ વર્ષની એક દિકરી અને એક વર્ષનો દિકરો છે જેણે પિતાનું છત્ર ગુમાવ્યું છે. હરેશભાઇ કારખાનામાં મજૂરી કરતો હતો. પોલીસે ખરેખર કયા કારણોસર પગલુ ભર્યુ તે જાણવા તપાસ હાથ ધરી હતી.

ત્રીજા બનાવમાં મોરબીમાં દરબાર શેરી શક્તિ ચોકમાં રહેતાં સાંઇઠ વર્ષના જુવાનસિંહ અણદુભા ઝાલાની બે દિવસ પહેલા તબિયત બગડતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ ગત રાતે તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ મોરબી એ-ડિવીઝન પોલીસને કરતાં મૃત્યુનું કારણ જાણવા પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જુવાનસિંહ ઝાલા ત્રણ ભાઇમાં નાના હતાં અને નગરપાલિકાના નિવૃત કર્મચારી હતાં. તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. ઘર પાસે તેઓ પડી ગયા બાદ બે દિવસ પહેલા તબીયત બગડી હતી. સારવાર માટે રાજકોટ ખસેડાયા બાદ મૃત્યુ થયું હતું.

ચોથા બનાવમાં રગોકુલધામના ગેઇટ નજીક ગુરૂપ્રસાદ ચોક સ્વામિનારાયણ નગર-૫માં રહેતાં પચાસ વર્ષના ભાવનાબેન મુકેશભાઇ જોગરાજીયા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને કરી હતી. ભાવનાબેનને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પતિ કાચનું મજુરી કામ કરે છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ કહ્યું હતું.

પાંચમા બનાવમાં જામનગર રોડ મનહરપુરમાં કોર્ટની સામે રહેતાં મુળ યુપીના રામપ્રકાશ રામકરણ યાદવ નામના છપ્પન વર્ષના પ્રૌઢે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર કલર કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. તે ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરી છે. ચારેક મહિનાથી લિવરમાં ઈન્ફેકશન થતાં બીમાર રહેતાં હતાં. પોલીસે મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આમ પાંચ અપમૃત્યુની ઘટનાઓ બની હતી.

### ઓનલાઇન સાયબર ફ્રોડના વધુ બે કિસ્સામાં જુનીપુરાણી તરકીબનો ઉપયોગ

# લોનના નામે એન્જિનીયરને પાંચ લાખનો ચૂનો

## સુબેદારને એક હજારનું ઇ-ચલણ મળ્યુંઃ ભરપાઇ કરવા કિંલ ઓપન કરતાં જ ખાતામાંથી ઉપડી ગયા એકોતેર હજાર

રાજકોટ, તા.,૧.૭

ઓનલાઇન ફાયનાન્સમાંથી લોન અપાવી દેવાની લાલચ આપી ઠગાઇ કરી લેવાના બનાવો વધ્યા છે. વધુ એક આવા કિસ્સામાં એક એન્યિનીયર યુવાનને આઠ લાખની લોન અપાવી દેવાની લાલચ દઇ તેની પાસેથી પાંચ લાખ ઓગણત્રીસ હજાર પડાવી લેવાયા હતાં. આ ઉપરાંત બીજા કિસ્સામાં ઇ-ચલણના નામે વધુ એક ઠગાઇ થઇ હતી. જેમાં આર્મીના સુબેદાર ભોગ બની ગયા હતાં.

વિગતો જોઇએ તો વડોદરામાં ઓનલાઈન લોન મેળવવાની લાલચ આપી એન્જિનિયર સાથે લાખો રૂપિયાની ઠગાઈ આચરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ઠગબાજોએ બજાજ ફાઇનાન્સના નામે બોગસ દસ્તાવેજો, ખોટા બેંક ખાતાઓ અને ડિજિટલ છેતરપિંડી દ્વારા આશરે રૂ. ૫,૨૯,૩૧૦ની ઠગાઈ આચરતા સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા તપાસ શરૂ થઇ છે. વધુ માહિતી અનુસાર ફરિયાદી એક ખાનગી કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરે છે. આ યુવકને રૂપિયા ૬ લાખની લોન ઓનલાઈન અપાવવાની લાલચ આપવામાં આવી હતી. આ માટે ફરિયાદીને અગાઉથી નક્કી કરેલા અલગ-અલગ મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી દ્વારા કોન્ટેક્ટ કરવામાં આવ્યો હતો.

આ પછી સાથે સાથે પ્લેસ્ટોર પરથી બજાજ ફાઇનાન્સની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેમાં લોગિન કરાવ્યું હતું. ત્યારબાદ રૂ. ૬,૦૦,૦૦૦ ની જગ્યાએ મનસ્વી રીતે રૂ. ૮,૭૮,૭૩૬ ની લોન મંજૂર કરાવડાવી હતી. આ પ્રક્રિયા દરમિયાન ફરિયાદી બેંક ખાતામાં આવેલી વધારાની રકમ એટલે કે રૂ. ૨,૭૯,૩૦૮ અલગ-અલગ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ ઠગાઈને વધુ વિશ્વસનીય બનાવવા માટે આરોપીઓએ બજાજ ફાઇનાન્સનો ખોટો લોન એકાઉન્ટ નંબર ઇશ્યુ કરાવ્યો હતો. આ સાથે ઠગાઈ કરનાર આરોપી દ્વારા વિશ્વાસમાં લેવા માટે બજાજ ફાઇનાન્સના નામની સહી-સિક્કાવાળી બનાવટી રિસિપ્ટ તૈયાર કરી ઈમેલ દ્વારા મોકલી આપવામાં આવી હતી, જેથી આ બનાવટી રિસિપ્ટ સાચી હોવાનો ભ્રમ ભો થઈ શકે.

ત્યારબાદ ત્રણ મહિના સુધી લોનનો



ઈએમઆઇ ભરીને લોન સેટલમેન્ટ કરાવવાના બહાને આરોપીઓએ બજાજ ફાઇનાન્સના નામે ખોટા બેંક એકાઉન્ટ મોકલી વધુ રૂ. ૨,૫૦,૦૦૨ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક માધ્યમથી ટ્રાન્સફર કરાવી લીધા હતા. આમ, કુલ મળીને આશરે રૂ.૫,૨૯,૩૧૦ જેટલી માતબર રકમ પરત ન કરતા સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોધાઈ હતી. આ કિસ્સામાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો વડોદરા શહેરના હરણી વિસ્તારમાં રહેતા અને ઇએમઇ આર્મી કેમ્પમાં ફરજ બજાવતા સુડતાલીસ વર્ષીય સુબેદાર સાયબર ગઠિયાઓની નવી મોડસ ઓપરેન્ડીનો ભોગ બન્યા છે. વાહનના ખોટા ઈ-ચલણના નામે આવેલા મેસેજમાં આપેલી શંકાસ્પદ લિંક પર ક્લિક કરતાં જ અજાણ્યા ઠગોએ સુબેદારના એસબીઆઇ ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા ૭૧,૦૦૦નું ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કરી લીધું હતું. આ મામલે આર્મી જવાને હરણી પોલીસ સ્ટેશન તેમજ સાયબર સેલમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

વધુ વિગત મુજબ હરણી વિસ્તારમાં રહેતા સુબેદાર ભાસ્કરણ ઉદયારને રાત્રિના સમયે મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો. જેમાં ગાડી નંબરનો ઉલ્લેખ કરી ટ્રાફિક સિગ્નલ જમ્પ કરવા બદલ ૧,૦૦૦નો દંડ થયો હોવાનું જણાવાયું હતું અને ચલણની વિગતો જોવા તેમજ પેમેન્ટ કરવા માટે એક લિંક આપવામાં આવી હતી. સુબેદારની દીકરી વતનમાં ટુ-વ્હીલર ચલાવતી હોવાથી તેણે નિયમભંગ કર્યો હોવાનું માની સુબેદારે મેસેજને સાચો ગણી લિંક ઓપન કરી હતી. લિંક ઓપન કર્યાના બીજા દિવસે બપોરે સુબેદારના ફોન પર એસબીઆઈ ક્રેડિટ કાર્ડમાંથી અચાનક ૭૧,૦૦૦નું ઓનલાઇન ટ્રાન્ઝેક્શન થઈ ગયાનો મેસેજ આવ્યો હતો.

અનધિકૃત ટ્રાન્ઝેક્શન જોઈ ચોંકી ઉઠેલા સુબેદારે તરત જ પોતાનું એમેઝોન એકાઉન્ટ તપાસતાં માલૂમ પડ્યું હતું કે અજાણ્યા ગઠિયાઓએ આ રકમમાંથી મોટી ખરીદી કરી લીધી હતી. પૈસા કપાઈ જતાં જ આર્મી જવાને તાત્કાલિક એમેઝોન કસ્ટમર કેરનો સંપર્ક કરી ટ્રાન્ઝેક્શન અટકાવવા જણાવ્યું હતું અને નેશનલ સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે મેસેજની લિંક ખોલતાં જ મોબાઈલમાં એમપરીવહનના નામની એપીકે ફાઈલ બેકગ્રાઉન્ડમાં ઈન્સ્ટોલ થઈ ગઈ હતી, જેના થકી હેકર્સે ફોન અને ઓટીપીનો કંટ્રોલ મેળવી લીધો હતો. આ અંગે હરણી પોલીસે બનાવટી એપીકે ફાઈલ મોકલનાર અને ઓનલાઈન ફ્રોડ આચરનારા અજાણ્યા સાયબર ઠગો સામે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી.

# હથીયારનો સપ્લાયર ઘૂઘો વધુ એક પિસ્તોલ સાથે ઝડપાયો

## ડીસીબીની ટીમે કાળીપાટ પાસેથી જસદણના શખ્સને દબોચી લીધો : અગાઉ એક પિસ્તોલ, કાર્ટીસ સપ્લાય કરવામાં નામ ખુલતાં ફરાર હતોઃ રીમાન્ડ મેળવવા કાર્યવાહી

રાજકોટ તા. ૧૭

અવાર-નવાર શહેર ક્રાઇમ બ્રાંચ, પીસીબી, એસઓજી કે પછી શહેર પોલીસ સ્ટેશનોની ટીમો દ્વારા ગેરકાયદે હથીયાર પકડી લેવામાં આવતા હોય છે. અગાઉ ડીસીબીની ટીમે એક શખ્સને હથીયાર સાથે પકડ્યો તેની પુછતાછમાં જસદણના શખ્સનું નામ ખુલ્યું હતું. આ શખ્સને ડીસીબીએ વધુ એક હથીયાર-દેશી પિસ્તોલ સાથે દબોચી લઇ વિશેષ તપાસ હાથ ધરી હતી.





વિગતો જોઇએ તો શહેર ડીસીબીની ટીમે ગેરકાયદે પિસ્તોલ સાથે જસદણના શખ્સને કાળીપાટ ગામ પાસેથી દબોચી લીધો હતો. અગાઉ ડીસીબીએ એક શખ્સને પિસ્તોલ-કાર્ટીસ સાથે પકડ્યો ત્યારે આ શખ્સનું નામ ખુલ્યું હતું. ડીસીબીની ટીમ અગાઉના હથીયારના ગુનામાં જેના નામ ખુલ્યા હોય તેવા આરોપીઓને શોધવા માટે પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન ડીસીબીના હેડકોન્સ. જયરાજભાઇ કોટીલા, ધારાભાઇ વાનરીયા, રાહુલભાઇ ગોહલને બાતમી મળી હતી કે રાજકોટ ભાવનગર હાઇવે પર કાળીપાટ ગામના પાટીયા પાસે જસદણનો હનીફ આવ્યો છે અને તે રાજકોટના ડીસીબી પોલીસના હથીયારના ગુનામાં ફરાર છે. આ બાતમીને આધારે ટીમ ત્યાં પહોંચતા હનીફ ઉર્ફે ઘૂઘો મહમદભાઇ સુમરા (ગેબનશા સોસાયટી, ગેબનશાપીરની દરગાહ પાસે જસદણ) મળી આવ્યો હતો. તેત્રીસ વર્ષના આ શખ્સની તલાશી લેતાં તેની પાસેથી દેશી બનાવટની રૂા. ૧૦ હજારની પિસ્તોલ મળી આવતાં અલગથી ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી.

અગાઉ ડીસીબીએ અરબાઝ દોઢીયાને પિસ્તોલ અને એક કાર્ટીસ સાથે પકડ્યો ત્યારે તેની પુછતાછમાં હનીફ ઉર્ફે ઘૂઘાનું નામ ખુલ્યું હતું. આ ગુનામાં તેને પકડવામાં આવ્યો ત્યારે બીજુ એક હથીયાર પણ તેની પાસે મળી આવ્યું હતું. ઝડપાયેલા હનીફ વિરૂધ્ધ અગાઉ ભક્તિનગર પોલીસ અને જસદણ પોલીસમાં દારૂ સહિતના બે ગુનો નોંધાયા હતાં. તે હાલમાં તેની પાસેથી મળેલી દેશી પિસ્તોલ ક્યાંથી લાવ્યો? તેની વિગતો જાણવા રીમાન્ડની તજવીજ હાથ ધરાઇ હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ વી. ડી. ડોડીયા, એએસઆઇ અમિતભાઇ અગ્રાવત, દિગપાલસિંહ જાડેજા, મહેશભાઇ સોલંકી, હેડકોન્સ. રાજેશભાઇ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઇ કોટીલા, રાહુલભાઇ ગોહેલ, ધારાભાઇ વાનરીયા, ગોપાલભાઇ બોળીયા, સુભાષભાઇ ઘોઘારી, કોન્સ. રાજેશભાઇ પટેલએ આ કામગીરી કરી હતી.

### વાહન અકસ્માતની ઘાત બે પરિવારના આધારસ્તંભ યુવાન દિકરાઓને છીનવી ગઇ

# બે ટ્રક કાળ બન્યાઃ ૨૧ અને ૨૬ વર્ષના યુવાનોના મોત

## વાછકપરનો યુવાન ચા પીવા નીકળ્યો અને કાગદડી પાસે અકસ્માત નડ્યોઃ મોરબીથી બે ભાઇઓ ધ્રોલ જતાં હતાં ત્યારે ટંકારા પાસે ટ્રકે ઠોકરે ચડાવ્યાઃ એકનો જીવ ગયો, બીજો ગંભીર

રાજકોટ તા. ૧૭

વાહન અકસ્માતની ઘાત વધુ બે પરિવારના યુવાનોનો જીવ લઇ ગઇ હતી. એક બનાવમાં વાછકપર ગામે રહેતાં યુવાનનું તે મોટરસાઇકલ હંકારી ચા પીવા નીકળ્યો ત્યારે વાહન સહિત ટ્રકની ઠોકરે ચડી જતાં મોત થયું છે. આ બનાવ કાગદડીના પાટીયે બન્યો હતો. બીજી ઘટનામાં ટંકારા નજીક ટ્રકે મોટરસાઇકલને ઉલાળતાં બે સગા ભાઇઓ ફેંકાઇ ગયા હતાં. જેમાં મોટા ભાઇનું મોત થયું હતું. નાના ભાઇને ગંભીર ઇજા પહોંચી હતી. આ બંને પોતાના અન્ય સગા મોટા ભાઇને મળવા ધ્રોલ જતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ-મોરબી હાઇવે પર કાગદડીના પાટીયા પાસે જીવલેણ અકસ્માત સર્જાયો છે. જેમાં વાછકપરનો ૨૧ વર્ષનો યુવાન બાઇક સહિત ટ્રકની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. ટંકારા તાબેના વાછકપર ગામે રહેતો એકવીસ વર્ષનો અશોક બુટાભાઇ ફાંગલીયા નામનો યુવાન સાંજે સાડા આઠેક વાગ્યે રાજકોટ મોરબી હાઇવે પર કાગદડીના પાટીયા પાસે બાઇક હંકારીને જતો હતો ત્યારે ટ્રક નં. જીજે૧૨એયુ-૯૬૭૫ની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થઇ હતી.

આ બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. બાઇક ટ્રક નીચે ફસાઇ ગયું હોઇ ચાલક ટ્રક મુકી ત્યાંથી નીકળી ગયો હતો. લોકોએ બાઇકચાલક યુવાનને ગંભીર ઇજા સાથે સારવાર માટે રાજકોટ ખસેડ્યો હતો. જો કે અહિ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. પોલીસે તપાસ શરૂ કરતાં મૃતકના સગા સબંધી પણ બનાવની જાણ થતાં રાજકોટ પહોંચી ગયા હતાં. મૃત્યુ પામનાર યુવાન વાછકપર રહેતો અશોક ફાંગલીયા હોવાનું ઓળખાયુ હતું. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મૃત્યુ પામનાર અશોક ચાર ભાઇમાં ત્રીજો હતો અને પિતા સાથે પશુપાલન કરી ગુજરાન ચલાવતો હતો. તે અપરિણીત હતો. સાંજે ઘરેથી કાગદડીના પાટીયે ચા પીવા જાય છે તેમ કહીને બાઇક લઇને નીકળ્યો હતો. એ પછી તેને જીવલેણ અકસ્માત નડ્યો હતો. આશાસ્પદ અને યુવાન દિકરાને ગુમાવતાં ફાંગલીયા



પરિવાર અને ગામમાં ગમગીની વ્યાપી ગઇ છે. પોલીસે ટ્રકચાલકની શોધખોળ હાથ ધરી હતી.

બીજા બનાવમાં ટંકારા નજીક લતીપર રોડ પર ટ્રકે બાઇકને ઠોકરે ચડાવતાં બાઇક ચાલક મોરબીના ભડીયાદ ગામે રહેતાં મુળ એમપીના યુવાનનું મોત થયું હતું. જ્યારે પાછળ બેઠેલા તેના નાના ભાઇને ગંભીર ઇજા થતાં સારવાર હેઠળ છે. મુળ મધ્યપ્રદેશના બંને ભાઇઓ ધ્રોલ ખાતે રહેતાં મોટા ભાઇના ઘરે બેસવા જતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. મોરબીના ભડીયાદ ખાતે રહેતો કુંવરીયા ભટ્ટુભાઇ કેરડીયા નામનો છવ્વીસ વર્ષનો યુવાન સાંજે પોતાના નાના ભાઇ ચોવીસ વર્ષના સુંદર ભટ્ટુભાઇ કેરડીયાનબાઇકમાં બેસાડી ભડીયાદથી ધ્રોલ જતો હતો ત્યારે ટંકારા નજીક લતીપર રોડ પર પહોંચતા બાઇકને ટ્રકના ચાલકે ઠોકરે લેતાં બંને ભાઇ ફંગોળાઇ ગયા હતાં. આ અકસ્માતમાં બંનેન ગંભીર ઇજાઓ થતાં લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં.

અકસ્માત સર્જી ચાલક ભાગી ગયો હતો. બંને ભાઇઓને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાં સારવાર દરમિયાન રાતે કુંવરીયા કેરડીયાનું મોત થયું હતું. જ્યારે સુંદર ગંભીર ઇજા સાથે સારવાર હેઠળ છે. સુંદરના કહેવા મુજબ તે અને મૃત્યુ પામનાર મોટો ભાઇ માતા-પિતા સહિતના પરિવાર સાથે ભડીયાદ રહી ખેત મજૂરી કરે છે. મોટો ભાઇ ધ્રોલ રહેતો હોઇ તેના ઘરે બંને ભાઇઓ બેસવા જતા હતાં ત્યારે રસ્તામાં અકસ્માત નડચો હતો. મૃતયુ પામના કુંવરીયા ત્રણ ભાઇમાં વચેટ હતો અને અપણીીત હતો. પોતે મુળ એમપીના વતની છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ટંકારા પોલીસે કાર્યવાહી કરી હતી. આમ બે બનાવમાં બે યુવાન માટે ટ્રક કાળ બની ગયો હતો.

### ફેસબૂક પર રીલ જોતી વખતે રોકાણને લગતી લિંક ક્લીક કરી ને શિકાર બની ગયા

# કિયારાએ કમાણીની લાલચ દઈ લાખોનું કરી નાંખ્યું

## વૃધ્ધાને શેર બજાર આઈપીઓમાં રોકાણ પર નફો તો સાત લાખનો દેખાયો પણ એ રકમ ઉપાડવી હોય તો ચાર્જ ભરવો પડે કહી ત્રણ લાખ અડસઠ હજાર પડાવી લીધા : બીજા બનાવમાં ઓગણીસ વર્ષ પહેલા મૃત્યુ પામનાર મહિલાના નામે બનીગયા જમીનના બોગસ દસ્તાવેજઃ ગઠીયો થયો જેલભેગો

રાજકોટ તા. ૧૭

શેર બજારમાં રોકાણ કરો અને આઇપીઓમાં નાણા રોકો તો તમને ઓછા સમયમાં વધુ નફો મળશે આ પ્રકારના ફોન કોલ કરીને કે પછી સોશિયલ મિડીયા પર આવી લલચામણી લોભામણી જાહેરાતો મુકીને લોકોને ફ્રોડની જાળમાં ફસાવી લેતાં ગઠીયાઓએ વધુ એક વૃધ્ધાને આવા નુસ્ખાનો ઉપયોગ કરી છેતરી લીધા હતાં. વૃધ્ધાને ફેસબૂક પર લિંક મારફત સંપર્કમાં લઇ શેર બજાર અને આઇપીઓમાં નાણા રોકવા લલચાવ્યા હતાં અને આ રીતે તેમની પાસેથી ત્રણ લાખ અડસઠ હજાર પડાવી લીધા હતાં. કિયારા નામની યુવતિએ ફેસબૂક પરથી આ વૃધ્ધાનો સંપર્ક કર્યો હતો અને તેનું લાખોનું ચકરડુ ફેરવી નાંખ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો રાજ્યભરમાં આ પ્રકારની ઠગાઇ થતી રહે છે. ક્યારે કોનો વારો આવી જાય તે નક્કી હોતુ નથી. આ વચ્ચે અમદાવાદના ઇસનપુર વિસ્તારમાં રહેતા ચીમોતરે વર્ષીય વૃદ્ધાને શેરબજાર અને આઇપીઓમાં ચા વળતરની લાલચ આપી અજાણ્યા શખ્સોએ કુલ રૂપિયા ત્રણ લાખ અઠસઠ હજારપડાવી લઈ છેતરપિંડી આચરી હતી. ફેસબુક લિંક દ્વારા સંપર્ક કરી ફેક એપ્લિકેશનમાં નફો દર્શાવી પ્રોફિટ વિડ્રોઅલ કરવા માટે બ્રોકર ફી તથા ટેક્સ પેટે નાણાં પડાવી વૃદ્ધા સાથે ઠગાઈ આચરવામાં આવી હતી. આ મામલે ઇસનપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

વધુ માહિતી જે પોલીસે જાહેર કરી હતી તેની વિગતો જોઇએ તો ઇસનપુરમાં સરદાર પટેલ સ્કૂલ પાસે આવેલા જેસીંગભાઈ પાર્કમાં રહેતા ચીમોતેર વર્ષીય વિદ્યાબહેન દામોદર સાઠે ફેસબુક પર શેરબજાર ઇન્વેસ્ટમેન્ટ સંબંધિત લિંક જોઈ રહ્યા હતા. તે લિંક ઓપન કરતાં કિયારા મહેતા નામે વોટ્સએપ નંબર મળ્યો હતો. ત્યારબાદ તેમને માર્કેટ સ્ટડી સર્કલ ક્લબ-૧૨૩ અને વનવીવન ૯૦૬ નામના વોટ્સએપ ગ્રૂપમાં જોડવામાં આવ્યા હતા.

આ પછી સામેવાળા અજાણ્યા શખ્સોએ



પોતાની કંપની સેબી રજિસ્ટર્ડ હોવાના લેટર બતાવી વિશ્વાસ કેળવ્યો હતો અને ડીમેટ એકાઉન્ટ ખોલવાના બહાને નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદમાં એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેમાં મિલ્કી મીસ્ટ ડેરી ફૂડ નામના આઈપીઓ ભરવાની લાલચ આપી અલગ-અલગ તારીખોમાં રકમ જમા કરાવી હતી. વૃધ્ધાએ આ રકમ ઇન્વેસ્ટ કરતાં જ તેમની એપ્લિકેશનમાં કુલ રૂ. ૮.૬૫ લાખનો પ્રોફિટ બતાવવામાં આવ્યો હતો. આ નફો ઉપાડવા જતાં ઠગ ટોળકીએ ૨૦ ટકા લેખે રૂ. ૧.૭૧ લાખ બ્રોકર ફી અને ત્યારબાદ ૧૫ ટકા કેપિટલ ગેઈન ટેક્સ પેટે રૂ. ૧.૩૦ લાખ એડવાન્સ ભરવાની માગણી કરી હતી. ફરિયાદીએ રૂ. ૮૫ હજાર ટ્રાન્સફર કર્યા બાદ પણ વધુ નાણાંની માગણી ચાલુ રહેતાં છેતરપિંડીનો અહેસાસ થયો હતો. સમગ્ર મામલે તેમણે સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર જાણ કરી ઇસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે.

વધુ વિગત મુજબ વિદ્યાબહેનના કોટક મહિન્દ્રા બેંક એકાઉન્ટમાંથી ગૂગલ પે મારફતે અગીયાર જેટલા ટ્રાન્ઝેક્શન થયા હતા. જેમા આ રકમ ઉત્કર્ષ સ્મોલ ફાઇનાન્સ બેંકના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. આરોપીઓએ પહેલા ડીમેટ એકાઉન્ટના નામે રૂ. દસ હજાર પછી આઇપીઓ રજિસ્ટ્રેશન ફી પેટે બે હજાર, સબસ્ક્રિપ્શન પેટે રૂ. બે લાખ એકોતેર હજાર અને પ્રોફિટ રિલીઝ કરવા પેટે રૂપિયા પંચ્યાસી હજાર મેળવી લીધા હતા. આમ વૃધ્ધાને ગઠીયાઓએ લાખોનો ચૂનો લગાવી દીધો હતો.

બીજી એક ઠગાઇ જોઇએ તો સુરતના માંડવી પોલીસે ઓગણસી વર્ષ પહેલા મૃત્યુ પામેલી એક મહિલાના નામે બોગસ દસ્તાવેજ બનાવી જમીન પચાવી પાડવાના ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ ગંભીર ગુનાના વૃદ્ધ આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. મળતી માહિતી મુજબ, માંડવી પોલીસે ફળી ગામ, તાલુકા માંડવીના રહેવાસી ૬૨ વર્ષીય ચેતનભાઈ ખાલપાભાઈ ગામીતની ધરપકડ કરી છે. આરોપીએ વર્ષો પહેલા અવસાન પામેલી મહિલાની જાણ બહાર બોગસ દસ્તાવેજો બનાવી જમીન પોતાના નામે કરવાનો કારસો રચ્યો હતો. સુરત ગ્રામ્ય પોલીસ તંત્રના એસપી રાજેશ ગઢીયાના માર્ગદર્શન હેઠળ અને માંડવી ડિવિઝનના મદદનીશ પોલીસ અધિક્ષક અક્સેસ એન્જિનિયરના નિર્દેશથી માંડવી પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એસ. વડવી અને તેમની ટીમે તપાસ હાથ ધરી હતી. માંડવી પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

## પારદર્શકતા સામે ગંભીર સવાલો

# મનપામાં આવાસ ફાળવણી મુદ્દે મોટો ધમાકો

### જંગલેશ્વરના અસરગ્રસ્તોનો ડ્રો રદ્દ, મહિલા કોર્પોરેટરના પરિવારને ફ્લેટ મળ્યાની ચર્ચાથી ભારે ગરમાવો

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકામાં આવાસ યોજનાઓની ફાળવણીમાં પારદર્શકતા સામે ગંભીર સવાલો ઊભા થતાં મનપાના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ગત ફેબ્રુઆરી માસમાં જંગલેશ્વર વિસ્તારમાં મનપા દ્વારા તાજેતરનું સૌથી મોટું ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી બાદ અસરગ્રસ્ત લાભાર્થીઓ વૈકલ્પિક વ્યવસ્થા અને આવાસ મેળવવા માટે અવારનવાર રજૂઆતો કરી રહ્યા હતા, જ્યારે ૪૫ જેટલા આસામીઓએ આવાસ માટે કાનૂની લડાઈ લડી કોર્ટના દરવાજા પણ ખખડાવ્યા હતા.

દરમિયાન, થોડા દિવસો પહેલા સોરઠીયાવાડી ચોક અને ગોકુલનગર ખાતે આવાસની ફાળવણી માટે કોર્ટમાં ગયેલા ૪૫ લોકો સહિત કુલ ૧૬૨ લાભાર્થીઓ માટે ડ્રો યોજવામાં આવ્યો હતો. પરંતુ આ ડ્રો પ્રક્રિયા પૂર્ણ થતાં જ પારદર્શકતા જળવાઈ ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. મનપા પાસે લાયકાત અને કેટેગરી મુજબ કુલ ૪૪૫ જેટલા લાભાર્થીઓની અધિકૃત યાદી હોવા છતાં, માત્ર ૧૬૨ આસામીઓ માટે જ ક્વાર્ટરનો ડ્રો કેમ કરવામાં આવ્યો તે અંગે અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતા. આ ઉપરાંત, એક જ વિસ્તારમાં આવાસની ફાળવણી કરવા સામે સ્થાનિક કોર્પોરેટરોએ પણ ભારે વાંધો ઉઠાવ્યો હતો. આ તમામ ફરિયાદો અને શંકાસ્પદ કાર્યવાહીને ધ્યાને લઈને મેયર નેહલ શુક્લની સૂચનાથી આ ડ્રો તાત્કાલિક અસરથી રદ્દ કરી સ્થગિત કરી દેવામાં આવ્યો છે, જેના કારણે આખી પ્રક્રિયા પર બ્રેક લાગી ગઈ છે.

બીજી તરફ, જંગલેશ્વરના ક્વાર્ટરનો ડ્રો રદ્દ થવાનો વિવાદ હજુ શમ્યો નથી ત્યાં કાલાવડ રોડ પર આવેલી પોશ વિસ્તારની આવાસ યોજનામાં એક નવો મોટો ધમાકો થયો છે. કાલાવડ રોડની આ યોજનામાં લાભાર્થીઓની યાદી જાહેર થતાં જ શાસક પક્ષ ભાજપના સામાકાંઠા વિસ્તારના એક મહિલા કોર્પોરેટરનો પરિવાર લાભાર્થી બન્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. આ અંગે મનપામાં ચાલતી ચર્ચા મુજબ, મહિલા કોર્પોરેટરે ચૂંટણી સમયે રજૂ કરેલા સોગંદનામામાં રોકડ અને જમીન સહિતની મિલકતો દર્શાવી છે, તેમજ તેમના પતિના નામે પણ ફ્લેટ અને આવાસ હોવાનું કહેવાય છે.

આ બાબત બહાર આવતા જ વિવાદ વધુ ઘેરો બન્યો છે અને આ અંગે આવાસ યોજના વિભાગ સહિત મનપાના ઉચ્ચ પદાધિકારીઓએ પણ આંતરિક તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે, જોકે હજુ સુધી કોઈ સત્તાવાર ફરિયાદ જાહેર થઈ નથી. ઉલ્લેખનીય છે કે રાજકોટ મનપામાં ગત ટર્મ દરમિયાન પણ ભાજપના એક મહિલા કોર્પોરેટરે આવાસનો લાભ લીધાનો મામલો ભારે વિવાદસ્પદ બન્યો હતો. હાલ આવાસ ફાળવણીનો આ સમગ્ર મુદ્દો અત્યંત સંવેદનશીલ બની ગયો છે અને વિવિધ નિર્ણયોને લઈને શાસક પક્ષના આંતરિક જૂથો વચ્ચે પણ તીવ્ર મતમતાંતર અને સામસામા અભિપ્રાયો સામે આવી રહ્યા છે.



### મહિલા કોર્પોરેટર તપાસના ઘેરામાં

**જંગલેશ્વરના ડ્રો રદ્દ થવાની ચર્ચા હજુ થમી નહોતી ત્યાં કાલાવડ રોડ પર આવેલી પોશ વિસ્તારની આવાસ યોજનામાં નવો વિવાદ સામે આવ્યો છે.**

- **શાસક પક્ષના મહિલા નેતાનું નામ ઉછળ્યુંઃ** સામાકાંઠા વિસ્તારના ભાજપના એક મહિલા કોર્પોરેટરનો પરિવાર આ યોજનામાં લાભાર્થી બન્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.
- **સોગંદનામું અને મિલકતોઃ** ચૂંટણી સમયે આપેલા સોગંદનામામાં મહિલા કોર્પોરેટરે રોકડ અને જમીનની વિગતો દર્શાવી હોવાનું અને તેમના પતિના નામે પણ ફ્લેટ/આવાસ હોવાનું કહેવાય છે.
- **તપાસ શરૂ :** આ બાબતમાં કેટલી સત્યતા છે તે ચકાસવા માટે આવાસ યોજના વિભાગ અને મનપાના પદાધિકારીઓએ અંતરિક તપાસ શરૂ કરી દીધી છે. જોકે, હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર ફરિયાદ જાહેર થઈ નથી.

## MSME ક્ષેત્રે નવી ક્રાંતિ

# મેન્યુફેક્ચરિંગ એકમોનું થશે GIS જિયો-ટેગિંગ

### કેન્દ્ર સરકારની RAMP યોજના હેઠળ રાજ્યના MSME એકમોનો સુવ્યવસ્થિત ડેટાબેઝ તૈયાર કરવા સરકારનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ



રાજકોટ, તા.૧૭

કેન્દ્ર સરકારના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયની 'રેઈઝિંગ એન્ડ એક્સેલરેટિંગ એમએસએમઈ પરફોર્મન્સ' (RAMP) યોજના અંતર્ગત ગુજરાતમાં એક અગત્યનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. રાજ્યના MSME કમિશનરેટ દ્વારા 'ઉદ્યોગ પોર્ટલ' પર નોંધાયેલા મેન્યુફેક્ચરિંગ MSME એકમોનું 'PM ગતિ શક્તિ પોર્ટલ' સાથે ઈન્ટિગ્રેશન અને GIS આધારિત મેપિંગ પ્રોજેક્ટ અમલમાં મૂકાઈ રહ્યો છે. આ કામગીરી માટે 'ગુજરાત ઈન્ફો પેટ્રો લિમિટેડ' (GIPL)ને અધિકૃત એજન્સી તરીકે જવાબદારી સોંપાઈ છે. પ્રોજેક્ટના ભાગરૂપે GIPLના પ્રતિનિધિઓ પ્રત્યક્ષ રીતે MSME એકમોની મુલાકાત લઈને જિયો-ટેગિંગ કરવા સાથે જરૂરી માહિતીનું એકત્રીકરણ અને ચકાસણી કરશે, જે માટે રાજ્યના તમામ MSME એકમો અને ઉદ્યોગકારોને સત્તાવાર પ્રતિનિધિઓને જરૂરી સહકાર આપવા વિનંતી કરાઈ છે.

આ GIS આધારિત મેપિંગથી રાજ્યમાં સ્થાપિત MSME એકમોનો એક સંકલિત અને સુવ્યવસ્થિત ડેટાબેઝ તૈયાર થશે, જેના આધારે રાજ્યમાં માળખાકીય સુવિધાઓના સુદૃઢ આયોજન, સચોટ નીતિ ઘડતર અને વિવિધ સરકારી યોજનાઓના વધુ અસરકારક અમલીકરણ માટે પાયાની માહિતી ઉપલબ્ધ બનશે. વધુમાં, MSME ક્ષેત્રનો ડેટા ફ્ખ ગતિ શક્તિ પોર્ટલ સાથે સંકલિત થવાથી ડેટા આધારિત નિર્ણય પ્રક્રિયા મજબૂત થશે અને સ્થાનિક ઉદ્યોગોની વાસ્તવિક જરૂરિયાત મુજબ તેમને યોગ્ય સહાય તથા સુવિધાઓ ઝડપથી પહોંચાડી શકાશે.

# જિ.પંચાયતના શિફ્ટિંગ ખર્ચનો વિવાદ

### ૬ મહિના પછી પણ તપાસ રિપોર્ટ દફતરે? : જૂના બિલ્ડિંગમાંથી કામચલાઉ કોર્ટ બિલ્ડિંગમાં સ્થળાંતર માટે ૮.૮૪ લાખના ખર્ચ સામે ઊભા થયેલા પ્રશ્નો



રાજકોટ, તા. ૧૭

રાજકોટ જિલ્લા પંચાયતના જૂના બિલ્ડિંગમાંથી કામચલાઉ કોર્ટ બિલ્ડિંગમાં સ્ટાફ અને ફર્નિચરના સ્થળાંતર (શિફ્ટિંગ) પાછળ થયેલા ₹૮.૮૪ લાખના ખર્ચનો વિવાદ વધુ ઘેરો બન્યો છે. આ શિફ્ટિંગ પાછળ લાખો રૂપિયાનો ધુમાડો કરાયા બાદ એજન્સી દ્વારા રજૂ કરાયેલા બિલ સામે ગંભીર સવાલો ઊભા થતાં તત્કાલીન ડીડીઓ દ્વારા વિશેષ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. જોકે, તપાસ સમિતિની રચના થયાને છ મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં આ અહેવાલ હજુ સુધી ફાઈલમાં બંધ રહ્યો છે અને સત્ય હકીકતો જાહેર કરવામાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

જિલ્લા પંચાયતમાં નવા શાસકોએ સત્તાની ધૂરા સંભાળ્યા બાદ યોજાયેલી પ્રથમ સામાન્ય સભામાં પણ આ મુદ્દે ગરમાવો જોવા મળ્યો હતો, જેમાં મોવિયા બેઠકના સભ્ય આરતીબેન નરેશભાઈ જેતાણી દ્વારા શિફ્ટિંગ ખર્ચ અંગે પ્રશ્ન પૂછીને વિગતો માંગવામાં આવી હતી. અગાઉ વિરોધ પક્ષ દ્વારા પણ આ અંગે વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. શિફ્ટિંગ પાછળ ખરેખર કેટલો ખર્ચ થવો જોઈતો હતો, કેટલો વધારે દર્શાવાયો, તેમજ સરકારની ગ્રાન્ટ અને સ્વભંડોળના નાણાંમાંથી થયેલા આ ખર્ચમાં કોઈ ગેરરીતિ થઈ છે કે નહીં તે અંગે અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે. તમામ તપાસ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં રિપોર્ટ જાહેર ન કરાતાં હવે નવા શાસકો આ તપાસ સમિતિનો અહેવાલ બહાર લાવશે કે પછી મામલો દબાઈ જશે તે અંગે ભારે ચર્ચા જાગી છે.

તપાસ સમિતિની રચના થયાને છ મહિનાથી પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં આ મામલે હજુ સુધી કોઈ નક્કર આખરી અહેવાલ જાહેર કરવામાં આવ્યો નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, જવાબદાર અધિકારીઓ કે સંબંધિત એજન્સી સામે કોઈ પગલાં લેવાને બદલે આ તપાસ રિપોર્ટને સત્તાવાર રીતે 'દફતરે' કરી દેવાની હિલચાલ ચાલી રહી છે, જેના કારણે પંચાયતના વહીવટની પારદર્શિતા સામે મોટા પ્રશ્નાર્થ ઊભા થયા છે. તપાસ અહેવાલ રજૂ કરવામાં થઈ રહેલા બિનજરૂરી વિલંબ અને સમગ્ર કૌભાંડ પર પડદો પાડી દેવાના પ્રયાસોથી સ્થાનિક સ્તરે અનેક તર્ક-વિતર્કો સર્જાયા છે.

## ૧૨ બેઠકો માટે રાજકીય ઘમસાણ : શાળા સંચાલક મંડળના આગેવાનો પણ દાવેદાર

# ન.પ્રાથમિક શિક્ષણ સમિતિની ચૂંટણીનું કાઉન્ટ-ડાઉન

### લાંબા સમયના વિલંબ અને અટકળો બાદ મેયર અને નિર્વાચન અધિકારી ડૉ. નેહલ શુક્લ દ્વારા ચૂંટણી કાર્યક્રમની સત્તાવાર ઘોષણા : ભાજપમાં ૧૫૦થી વધુ દાવેદારો અને કોંગ્રેસનું ૧ બેઠક સાથે ખાતું ખુલવાના ગણિત વચ્ચે ગરમાયેલું રાજકારણ

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની નવી ટર્મની બોડીની રચના માટેનો તખ્તો આખરે ગોઠવાઈ ગયો છે. લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી તે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ચૂંટણી માટે મેયર અને નિર્વાચન અધિકારી ડો. નેહલ શુકલ દ્વારા આજે સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. રાજકોટ મનપામાં ભાજપનું નવું બોર્ડ અસ્તિત્વમાં આવ્યા બાદ અન્ય તમામ સમિતિઓની રચના થઈ ચૂકી હતી, પરંતુ શિક્ષણ સમિતિની પુનઃરચના સતત વિલંબમાં પડતા અનેક રાજકીય અટકળો ચાલતી હતી. આ જાહેરનામું બહાર પડતાં જ અલગ અલગ કેટેગરીની કુલ ૧૨ બેઠકો ભરવા માટેની પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થઈ ગયો છે અને સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

જાહેરનામાની શરતો અને નિયમો અનુસાર મેયર ચેમ્બર (ચૂંટણી કાર્યાલય) ખાતેથી જ આજથી જ નિયુક્તિપત્રો (ફોર્મ) આપવાનું શરૂ કરી દેવાયું છે. ચૂંટણી કાર્યક્રમની વિગતવાર માહિતી આપતા જણાવાયું છે કે, જાહેર રજાના દિવસો સિવાય દરરોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી ઉમેદવારો મેયર ચેમ્બરમાંથી ફોર્મ મેળવી શકશે. ઉમેદવારી પત્રક ભરીને જમા કરાવવા માટે તા. ૩૦ સપ્ટેમ્બરનો દિવસ નક્કી કરવામાં આવ્યો છે. આ દિવસે સવારે ૧૧:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન ઉમેદવારના નામની દરખાસ્ત મૂકનાર અને તેને ટેકો આપનાર - આ બંને સભ્યોએ રૂબરૂ હાજર રહીને જ ફોર્મ ભરવાનું રહેશે. બપોરે ૨:૦૦ વાગ્યે ફોર્મ સ્વીકારવાની સમયમર્યાદા પૂર્ણ થશે. ખાસ નોંધનીય બાબત એ છે કે ફોર્મ સ્વીકારવાના સમય માટે મેયર ચેમ્બરમાં રાખવામાં આવેલી ઘડિયાળનો સમય જ આખરી અને માન્ય ગણવામાં આવશે. ત્યારબાદ તા. ૧ ઓક્ટોબરના રોજ તમામ ભરાયેલા ફોર્મની કાળજીપૂર્વક ચકાસણી (સ્ક્રૂટિની) કરવામાં આવશે.

ચૂંટણી પ્રક્રિયાના અંતિમ તબક્કા રૂપ તા. ૨૧ ઓક્ટોબરના રોજ મહાનગરપાલિકાના જનરલ બોર્ડ સભાખંડ ખાતે સવારે ૧૧:૦૦ વાગ્યાથી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મતદાન પૂર્ણ થયા બાદ બપોરે ૩:૦૦ વાગ્યે જનરલ બોર્ડમાં જ મતગણતરી શરૂ કરી દેવાશે અને તે જ દિવસે પરિણામો જાહેર કરી દેવામાં આવશે.પક્ષ દ્વારા અગાઉથી જ ઘણા નેતાઓને આ મામલે આશ્વાસન આપવામાં આવ્યું હોવાથી ૧૫૦થી વધુ દાવેદારોએ ફોર્મ ભર્યા છે. હવે ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થઈ જતાં જ આગામી દિવસોમાં સ્ક્રીનિંગ દરમિયાન ચેરમેન અને સભ્યપદ માટે વધુ કેટલાક નવા અને ચોંકાવનારા નામો રેસમાં આગળ આવે તેવી પૂરી શક્યતા છે.

### પક્ષીય સંખ્યાબળ અને બેઠકોનું રાજકીય ગણિત

રાજકોટ મહાનગરપાલિકામાં હાલના સંખ્યાબળ પર નજર કરીએ તો કુલ ચૂંટાયેલા કોર્પોરેટરોમાંથી ભાજપના ૬૭ અને કોંગ્રેસના ૫ સભ્યો છે. શિક્ષણ સમિતિની ૧૨ બેઠકો માટે કોર્પોરેટરોના મતોનું ગણિત જોતાં આ વખતે ભાજપના ૧૧ અને કોંગ્રેસના ૧ સભ્ય ચૂંટાઈ આવે તેવી પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે ગત ટર્મમાં ભાજપ પાસે ૬૮ અને કોંગ્રેસ પાસે માત્ર ૪ કોર્પોરેટર હતા, જેના કારણે કોંગ્રેસને એક પણ બેઠક મળી શકી નહોતી અને ભાજપનો સંપૂર્ણ દબદબો રહ્યો હતો. પરંતુ આ વખતે કોંગ્રેસના ૫ સભ્યો હોવાથી વિપક્ષ તરફથી પણ પ્રતિનિધિત્વ શિક્ષણ સમિતિમાં પહોંચે તેવા એંધાણ છે. સામાન્ય બેઠકો પર યોગ્ય અને સુશિક્ષિત ગ્રેજ્યુએટ કાર્યકરોને તક આપવાની શિસ્તબદ્ધ પાર્ટી લાઈન ભાજપ અત્યાર સુધી અપનાવતો આવ્યો છે, જે આ વખતે પણ જળવાઈ રહેવાની શક્યતા છે.




### દાવેદારોનો ધસારો અને પાર્ટીમાં સ્કેનિંગ પ્રક્રિયા

બીજી તરફ, શિક્ષણ સમિતિમાં સ્થાન મેળવવા માટે ભાજપના પદાધિકારીઓ, આગેવાનો અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચૂંટણી જાહેર થાય તે પહેલાં જ ભાજપ સંગઠન દ્વારા ઈચ્છુક કાર્યકરો પાસેથી અરજીઓ અને ફોર્મ મંગાવવામાં આવ્યા હતા, જેમાં અંદાજે ૧૫૦ જેટલા કાર્યકરોએ કમલમ ખાતે પોતાના નામ સાથેની દાવેદારી આપી (સેન્સ આપી) હતી. હવે સત્તાવાર ચૂંટણી જાહેર થઈ ચૂકી હોવાથી ગાઈડલાઈન મુજબ ભાજપના પ્રદેશ અને સ્થાનિક નેતાગીરી દ્વારા આ તમામ ૧૫૦ નામોનું બારીકાઈથી સ્કેનિંગ કરવામાં આવશે અને પસંદગી પામેલા દાવેદારોની આખરી યાદી મોવડીમંડળને મોકલવામાં આવશે. આ કારણે આગામી એક મહિના સુધી પક્ષના આંતરિક વર્તુળોમાં ઉમેદવારી મેળવવા માટે ભારે રાજકીય વિધિ અને હલચલ ચાલતી રહેશે.

### ચેરમેન અને સભ્યપદ માટે રેસમાં રહેલા સંભવિત ચહેરાઓ

**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્ય બનવા તેમજ આગામી ચેરમેન પદ માટે અત્યારથી જ રાજકીય ચર્ચાઓ અને અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. પક્ષના આંતરિક સુત્રોમાંથી મળતી માહિતી મુજબ**

- જૂના જોગીઓની દાવેદારીઃ સામાકાંઠા વિસ્તારના બે અનુભવી અને જૂના નેતાઓ ઉપરાંત ભાજપના બે પૂર્વ મહામંત્રીઓ કિશોર રાઠોડ અને અશ્વિન મોલીયાનું નામ સમિતિમાં સભ્યપદ તેમજ અધ્યક્ષ (ચેરમેન) પદ માટે સૌથી આગળ ચાલી રહ્યું છે.
- ઉંમર મર્યાદાના કારણે સ્થાનઃ ૬૦ વર્ષની વયમર્યાદાના નિયમને કારણે જેઓ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી લડી શક્યા ન હતા તેવા સીનિયર આગેવાન મનીષભાઈ રાડીયાને પણ આ સમિતિમાં સ્થાન આપીને સન્માનિત કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.
- શિક્ષણ જગતમાંથી સરપ્રાઈઝ નામઃ શિક્ષણ સમિતિ હોવાના કારણે શિક્ષણ ક્ષેત્રના અનુભવી ચહેરા તરીકે શાળા સંચાલક મંડળના અગ્રણી ડી.વી. મહેતાનું નામ પણ છેલ્લા કેટલાક દિવસોથી સદસ્ય અને ચેરમેન પદ માટે ભારે ચર્ચામાં છે.